પ્રશ્નપુસ્તિકા ક્રમાંક

# E

**PSP**

**This Question Booklet Contains 88 Printed Pages**

| | |
|---|---|
| સમય : 180 મિનિટ | Time : 180 Minutes |
| કુલ પ્રશ્નો : 300 | Total Questions : 300 |
| કુલ ગુણ : 300 | Total Marks : 300 |

ઉમેદવારનો બેઠક નંબર ROLL No: 126114021

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

## ઉમેદવારોને સૂચના

(01) પ્રશ્ન ક્રમાંક 1 થી 300 માટે દરેક પ્રશ્નનો 1 ગુણ છે.

(02) 1 થી 300 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઇ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

(03) આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.

(04) આપ કોઇનાં ઉત્તરની નકલ કરશો નહિ,તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષા ખંડ/હોલમાં,પ્રવેશપત્ર સિવાય કોઇ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર,મોબાઇલ-સેલ ફોન કે કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો લઇ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને કોમ્પ્યુટરાઇઝડ ખાસ પ્રકારની જવાબવહી (OMR Answer Sheet) આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે કે પરીક્ષા પુરી થયા બાદ પરત આપવામાં નહીં આવે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી (OMR Sheet) ઉપર દર્શાવેલ નિયત ખાનામાં બેઠક ક્રમાંક (Roll Number), કેન્દ્ર કોડ (Centre Code), પરીક્ષાનું નામ,પરીક્ષાની તારીખ,પરીક્ષા કેન્દ્રના શહેરનું નામ (City of Examination Centre) તથા જન્મ તારીખ ફક્ત ભૂરી (Blue) અથવા કાળી (Black) શાહીની બોલપેનથી અંગ્રેજીમાં (English) લખવાના રહેશે.

જવાબવહીના પાછળના ભાગમાં બેઠક ક્રમાંક (Roll Number), પ્રશ્નપુસ્તિકા સિરીઝ (Question Paper Series), પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં સાચી અને પૂરી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી લખવાના રહેશે અને તેની નીચેના વર્તુળ પૂરેપૂરા ડાર્ક (Encode) કરવાના રહેશે તથા પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. વિગતો ભરવામાં તથા વર્તુળ પૂરેપૂરા ડાર્ક(Encode)કરવામાં પૂરતી કાળજી અને તકેદારી રાખવી તેમજ ભૂરી અથવા કાળી સહીની બોલપેનનો જ ઉપયોગ કરવો અન્યથા ક્ષતિગ્રસ્ત વિગતો OMR Reader માટે બાધા ઊભી કરી શકશે અને આ સંજોગોમાં જો મૂલ્યાંકન નહી કરી શકાય તો તે માટે ઉમેદવાર જવાબદાર રહેશે.

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C, D વિકલ્પો આપેલા છે.OMR જવાબવહીમાં E વિકલ્પ છે. E વિકલ્પ "Not Attempted" અંગેનો રહેશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તે આ વિકલ્પ પસંદ કરી શકશે. અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet) માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઇ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

ઉદાહરણ તરીકે :

ભારતનું ક્યું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે?

Ⓐ Ⓑ ● Ⓓ

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ
(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C) નું વર્તુળ ડાર્ક (Encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગુજરાત" લખવું નહિ.

(08) જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઇ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે તથા આવી ક્ષતિઓ બાબતે પાછળથી કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

(i) જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે.
(ii) જવાબવહીમાં રફ કામ કરેલ હશે.
(iii) જવાબવહીમાં ભરવાની કોઇ પણ કોલમની વિગતમાં કોઇ ભૂલ કરેલ હશે કે રોલ નંબર,પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (Encode) કરેલ હશે.
(iv) જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેક્શન ઇન્ક,કરેક્શન ફ્લ્યુડ,કરેકશન પેન, ઇરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.
(v) જવાબવહીમાં નિશાનીઓ/પ્રતિકો કરેલ હશે.

(09) આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

(10) પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કઇ પણ રફવર્ક કરવું નહિ. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઇ છે.

(11) પ્રશ્નપુસ્તિકાના કોઇ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઇ છે.

(12) પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઇ જઇ શકશે.

(13) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના 0.3 ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(14) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

001. સંસદીય સમિતિઓની બાબતમાં નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. જાહેર હિસાબ સમિતિ એ લોકસભાના અધ્યક્ષ દ્વારા નામાંકિત કરવામાં આવેલા લોકસભાના 15 સદસ્યોની બનેલી હોય છે.

2. જો કોઈ સદસ્ય એ કોઈ સમિતિમાં ચૂંટાયા બાદ મંત્રી તરીકે નિયુક્ત થાય તો તે આ નિયુક્તિની તારીખથી એ સમિતિના સદસ્ય તરીકે રહી શકે નહિં.

3. અધ્યક્ષ એ 22 સદસ્યોની સમિતિમાંથી કોઈ એકની સમિતિના ચેરમેન તરીકે નિમણૂંક કરે છે.

(A) માત્ર 2 (B) માત્ર 1 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 2 અને 3

002. લોક અદાલત વિશે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ અને અન્ય કાનૂની સેવા સંસ્થાઓ લોક અદાલતની કાર્યવાહી કરે છે.

2. કાનૂની સેવા સત્તાધિકાર અધિનિયમ હેઠળ લોકઅદાલતોને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો છે.

3. જો પક્ષકારો એ લોક અદાલતના નિર્ણયથી સંતુષ્ટ ન હોય તો પણ આવા નિર્ણયથી વિરૂદ્ધ અપીલ અંગે કોઈ જોગવાઈ નથી

4. લોક અદાલતના સભ્યોની ભૂમિકા એ માત્ર વૈધાનિક સમાધાન કર્તા તરીકેની જ હોય છે અને તેમની કોઈ ન્યાયિક ભૂમિકા હોતી નથી.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

003. 73 મા સંવિધાન સુધારા અધિનિયમ અંગે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

(A) જો સંબંધિત રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના હેતુ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તેને તેવી રીતે ગેરલાયક ઠરાવેલ હોય તો તે પંચાયતના સભ્ય માટે ગેરલાયક ગણાશે.

(B) કોઈપણ વ્યક્તિ જો તે એકવીસ વર્ષની ઉંમરની થઈ ગઈ હોય તો તે વ્યક્તિ પચીસ વર્ષથી ઓછી ઉંમરની છે તે કારણે તેને ગેરલાયક ઠરાવી શકાશે નહિં.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

004. 1947ના ભારત સ્વતંત્રતા અધિનિયમ વિશે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. તેના દ્વારા વાઈસરોયનું કાર્યાલય નાબૂદ થયું અને ગવર્નર જનરલની જોગવાઈ કરી.

2. ગવર્નર જનરલની નિમણૂંક એ બ્રિટિશ રાજા દ્વારા સત્તાધારી મંત્રી મંડળના સલાહ-સૂચન અનુસાર કરવામાં આવતી હતી

3. તે (અધિનિયમે) ભારતના રજવાડાઓને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવવા માટેની સ્વતંત્રતા આપી હતી.

4. તેના (અધિનિયમના) હેઠળ 1950 સુધી જાહેર સેવકો (મૂલ્કી કર્મચારીઓ)ની નિમણૂંક કરવાની ચાલુ રહી.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 3 અને 4

005. સંવિધાન સભાની નીચે દર્શાવેલી સમિતિઓ પૈકીની કઈ સમિતિ/સમિતિઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. પ્રાંતીય બંધારણ સમિતિ – સરદાર પટેલ

2. મૂળભૂત અધિકાર પેટા સમિતિ – જે.બી. ક્રિપ્લાની

3. લઘુમતી પેટા સમિતિ – અબ્દુલ ગફાર ખાન

(A) માત્ર 1 (B) 1, 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

006. નીચેના પૈકી કઈ સમિતિએ રાજ્યોના ભાષા આધારિત પુનર્ગઠનના ખ્યાલનો અસ્વીકાર કર્યો હતો ?

1. એસ. કે. ધાર સમિતિ
2. જે. વી. પી. સમિતિ
3. ફઝલ અલી સમિતિ

(A) માત્ર 1 અને 2
(B) 1, 2 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1

007. નીચેના પૈકી કઈ વ્યક્તિ નોંધણી દ્વારા ભારતના નાગરિક તરીકે નોંધી શકાય ?

1. ભારતીય મૂળની એવી વ્યક્તિ કે જે નોંધણીની અરજી કર્યા પહેલાંના સાત વર્ષ સુધી ભારતમાં સામાન્ય નિવાસી તરીકે રહેતી આવી હોય.
2. ભારતના નાગરિક હોય તેવી વ્યક્તિઓના સગીર બાળકો.
3. પુખ્ત વયની અને યોગ્યતા ધરાવતી વ્યક્તિ કે જે ઓછામાં ઓછી દસ વર્ષથી ભારતના વિદેશી નાગરિક કાર્ડ ધારક તરીકે નોંધાયેલ હોય.
4. ભારતીય મૂળની વ્યક્તિ કે જે અવિભાજીત ભારતની બહારના કોઈ દેશ કે સ્થળના સામાન્ય નિવાસી હોય.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1, 2 અને 4

008. કાયદા સમક્ષ સમાનતાના અપવાદ બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

(A) રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ વિરૂદ્ધ તેમના હોદ્દાની મુદત દરમ્યાન કોઈ પણ પ્રકારની ફોજદારી કાર્યવાહી માંડી શકાશે નહિં
(B) કોઈ વ્યક્તિ સંસદની કોઈ પણ કાર્યવાહીના વસ્તુતઃ સાચા અહેવાલની વર્તમાનપત્રમાં પ્રસિદ્ધિના સંબંધમાં કોઈ ન્યાયાલયમાં કોઈ પણ દીવાની કે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે નહિં.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

009. ભારતમાં EWS હેઠળના અનામતમાંથી બાકાત રાખવાની બાબતમાં નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. જો કોઈ પણ વ્યક્તિ 10 એકર અને તેથી વધુ ખેતીની જમીન ધરાવતા હોય.
2. 1000 ચો. ફૂટ અને તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતો રહેણાંકનો ફ્લેટ ધરાવતા હોય
3. નોટીફાઈડ નગર પાલિકામાં 100 ચો. યાર્ડ અને તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતો રહેણાંક પ્લોટ ધરાવતા હોય.
4. નોટીફાઈડ નગર પાલિકા સિવાયના ક્ષેત્રમાં 200 ચો. યાર્ડ અને તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતો રહેણાંક પ્લોટ ધરાવતા હોય

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 1 અને 3

010. ભારતમાં મૂળભૂત હકો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. અનુચ્છેદ 33 એ લશ્કરી કાયદાને ઉચ્ચતમ ન્યાયાલય અને વડી અદાલતના રીટ અધિકાર ક્ષેત્રમાં સમાવિષ્ટ કરતા નથી.
2. લશ્કરી કાયદાનો ખ્યાલ એ બંધારણમાં ક્યાંય વ્યાખ્યાયિત કરેલ નથી.
3. લશ્કરી કાયદો લાદવાથી મૂળભૂત હકો પર કોઈ અસર થઈ શકે નહિં.
4. લશ્કરી કાયદો એ દેશના કોઈ ચોક્કસ ભાગમાં નહિં પરંતુ સમગ્ર દેશમાં લાદવામાં આવે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 3 અને 4

011. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. શ્રી બી એન રાવે ભારતીય નાગરિકો માટે બે શ્રેણીના હકોની ભલામણ કરી હતી ન્યાયપાત્ર અને બિનન્યાયપાત્ર.

2. ઉપરની ભલામણો સાથે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ બંધારણમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા.

3. મીનરવા મિલ્સ કેસમાં ઉચ્ચતમ ન્યાયાલયે ઘોષિત કર્યું કે મૂળભૂત હકો ઉપર માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ચસ્વ એ ગેરબંધારણીય છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

012. ભારતીય બંધારણના સુધારણાની પ્રક્રિયા બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. બંધારણમાં સુધારાની પ્રક્રિયાનો પ્રારંભ સંસદ અથવા રાજ્ય વિધાનમંડળમાં જ કરી શકાય.

2. સુધારણા વિધેયક એ માત્ર મંત્રીઓ દ્વારા જ દાખલ કરી શકાય.

3. સંવિધાનની કેટલીક જોગવાઈઓની સુધારણા માટે ભારતના રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી આવશ્યક છે.

4. રાષ્ટ્રપતિએ બંધારણ સુધારણા વિધેયકને અનુમોદન આપવું જ પડે, તે આ વિધેયક ને અટકાવી શકે નહિં કે પરત મોકલી શકે નહિં.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 4

013. નીચેના પૈકી કયું લક્ષણ એ ભારતીય સંવિધાનના મૂળભૂત માળખાના ભાગ રૂપ નથી ?

1. ન્યાય માટેની અસરકારક સુગમતા (Effective Access to Justice)

2. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા

3. સંવિધાનની સુધારણા માટે સંસદની મર્યાદિત સત્તા

4. વ્યક્તિગત સ્વતંત્રતા અને ગૌરવ.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 2 અને 3

014. સંઘ - રાજ્ય વચ્ચેના સંબંધો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) માત્ર સંસદ જ વધારાના પ્રાદેશિક કાયદા (Extra territorial legislation) બનાવી શકે છે.

(B) સંસદના કાયદાઓ ભારતીય નાગરિકો અને તેમની વિદેશમાં કોઈ પણ જગ્યાએ રહેલી મિલકત ને લાગુ પડે છે.

(C) રાજ્યમાં અનૂસુચિત કરેલા ક્ષેત્રમાં સંસદના અધિનિયમ લાગુ પડતા નથી તેવો આદેશ કરવાની સત્તા રાજ્યપાલ ધરાવે છે.

(D) ઉપરના તમામ

015. અખિલ ભારતીય સેવાઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. અખિલ ભારતીય સેવાઓ ઉપર અંતિમ નિયંત્રણ સંઘનું હોય છે જ્યારે રાજ્ય એ ત્વરિત નિયંત્રણ ધરાવે છે.

2. 1947માં માત્ર બે જ અખિલ ભારતીય સેવાઓ હતી ત્રીજી સેવા ત્યાર બાદ શરૂ કરવામાં આવી.

3. લોકસભાના ઠરાવના આધારે સંસદને નવી અખિલ ભારતીય સેવાઓ શરૂ કરવાની સત્તા છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

016. આંતર સરકારી કરની ક્ષમતાઓ (Inter-Government Tax Immunities) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે.

(A) સંઘની મિલકતને રાજ્ય અથવા રાજ્યના કોઈ સત્તાધિકાર દ્વારા લાદવામાં આવેલા તમામ પ્રકારના કરમાંથી મુક્તિ મળેલ હોય છે.

(B) પરંતુ રાજ્યની મિલકત અને આવકને સંઘના કરવેરામાંથી મુક્તિ મળતી નથી.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

017. રાષ્ટ્રીય કટોકટીની ઉદ્‌ઘોષણા બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સંસદના કાયદા દ્વારા લોકસભાની મુદત એક સમયે તેની સામાન્ય મુદત કરતાં એક વર્ષ માટે લંબાવી શકાય છે.

2. લોકસભાનો કાર્યકાળ એ સંસદના કાયદા દ્વારા વધુમાં વધુ 3 વર્ષ માટે લંબાવી શકાય છે. (એક સમયે એક વર્ષ માટે)

3. કટોકટી પૂરી થઈ ગયા બાદ લોકસભાનો કાર્યકાળ છ માસથી વધુ સમયગાળા માટે ચાલુ રહી શકે નહિં.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 2

018. ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સામાન્ય ચૂંટણીથી અલગ રીતે, ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવારે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવવા માટે મતદાર મંડળ (Electoral College) માં 50% + 1 મત મેળવવા જરૂરી છે.

2. રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે સંકળાયેલા તમામ પ્રશ્નો અને વિવાદોની તપાસ અને નિર્ણય એ ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે જેનો નિર્ણય આખરી ગણાય છે.

3. મતદાર મંડળ (Electoral College) અધૂરૂં હતું, તે આધાર પર કોઈ પણ વ્યક્તિની રાષ્ટ્રપતિ તરીકેની ચૂંટણી એ પડકારી શકાય નહિં.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 3

019. નીચેના પૈકી કયું યુગ્મ એ સાચી રીતે જોડાયેલું / જોડાયેલાં છે ?

1. નિરપેક્ષ નિષેધાધિકાર (Absolute Veto) – વિધાન મંડળ દ્વારા પારિત કરવામાં આવેલ વિધેયકની મંજૂરી અટકાવી રાખવી.

2. શરતી નિષેધાધિકાર (Qualified Veto) – તે વિધાન મંડળ દ્વારા ભારે બહુમતીથી સર્વોપરી થઈ શકે.

3. નિલંબન - મોકૂફી નિષેધાધિકાર (Suspensive Veto) – તો વિધાન મંડળ દ્વારા સામાન્ય બહુમતીથી સર્વોપરી થઈ શકે.

4. ખીસા નિષેધાધિકાર (Pocket Veto) – તે સંસદ દ્વારા 2/3 બહુમતી તેમજ અડધા રાજ્યોના મત દ્વારા સર્વોપરી થઈ શકે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 4

020. ભારત સરકારની કેબીનેટ સમિતિઓ વિશે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. કેબીનેટ સમિતિઓ બે પ્રકારની હોય છે. સ્થાયી સમિતિ અને તદર્થ સમિતિ

2. સ્થાયી સમિતિઓ બંધારણીય છે જ્યારે તદર્થ સમિતિઓ વૈધાનિક છે.

3. રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રીની સલાહ અનુસાર આ સમિતિઓની રચના થાય છે.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 3



[Contd.

021. લોકસભાની રચના અંગે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. 42મા બંધારણીય સુધારા અધિનિયમ 1976 એ 1971 ની વસ્તીગણતરીના આધારે રાજ્યોને લોકસભાની બેઠકોની ફાળવણી સુનિશ્ચિત કરી.

2. સન 2001ના 84માં સુધારાના અધિનિયમ અનુસાર વધુ 25 વર્ષ માટે તે સુનિશ્ચિત કરવામાં આવી.

3. 87મા બંધારણીય સુધાર અધિનિયમ 2003 એ 2001ની વસ્તી ગણતરીના આધારે નિર્વાચન ક્ષેત્રનું સીમાંકન કરવાનું જણાવ્યું.

(A) માત્ર 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

022. કોઈ વ્યક્તિ એ સંસદના સદસ્ય તરીકે ચૂંટાવવા માટે ગેરલાયક ઠેરવાય છે જો .......... .

1. ભારત સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળ બીજો કોઈ લાભ દાયક હોદ્દો ધરાવતી હોય.

2. તે મુક્ત નહિં ઠરાવેલી નાદાર હોય

3. તો તેણી સરકાર જેમાં ઓછામાં ઓછો 25% જેટલો હિસ્સો ધરાવતી હોય તેવા નિગમમાં નિયામક અથવા વ્યવસ્થાપક એજન્ટ તરીકે નો હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

023. વિધાન મંડળમાં બેવડું (double) સભ્યપદની બાબતમા નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. જો કોઈ વ્યક્તિ સંસદના બંને ગૃહોના સદસ્ય તરીકે પસંદ થાય તો તેણે/તેણીએ પોતે કયા ગૃહમાં જોડાવવા ઈચ્છે છે તે 30 દિવસની અંદર જણાવવું પડે.

2. જો તે આવી જાણ કરવામાં નિષ્ફળ જાય તો તેની રાજ્યસભાની સીટ ખાલી પડશે.

3. જો કોઈ વ્યક્તિ ગૃહમાં બે બેઠક ઉપરથી ચૂંટાયેલ હોય તો તેણે કોઈ એક બેઠકનો વિકલ્પ આપવાનો રહેશે અન્યથા બંને બેઠકો ખાલી પડેલી ગણાશે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

024. સંસદમાં પ્રસ્તાવા બાબતે નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય રીતે જોડાયેલા છે ?

1. સત્તા સૂચક પ્રસ્તાવ (Substantive motion) તે સ્વયં પર્યાપ્ત સ્વતંત્ર દરખાસ્ત છે કે જે રાષ્ટ્રપતિ પર મહાભિયોગ જેવી અતિ મહત્ત્વની બાબત સાથે સંલગ્ન છે.

2. અવેજી પ્રસ્તાવ (Substitute motion) તે એક મૂળ પ્રસ્તાવની અવેજીમાં ચલાવવામાં આવતો અવેજી પ્રસ્તાવ છે અને તે મૂલ પ્રસ્તાવના વિકલ્પની દરખાસ્ત કરે છે.

3. સમાપન પ્રસ્તાવ (Closure motion) તે પ્રસ્તાવ એ સભ્ય દ્વારા ગૃહમાં કોઈ મુદ્દા પર ચર્ચાને ટૂંકાવવા માટે કરવામાં આવતો પ્રસ્તાવ છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

025. સંસદમાં વિધેયકો બાબતે નીચેના પૈકી કઈ જોડી/જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

(A) સાર્વજનિક વિધેયક (Public Bill) : તેને ગૃહમાં દાખલ કરવા માટે 14 દિવસની નોટીસ જરૂરી છે.

(B) બિન સરકારી વિધેયક (Private Bill) : તેને ગૃહમાં દાખલ કરવા માટે 1 મહિનાની નોટીસ જરૂરી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

026. મૌર્ય કાળમાં પન્યાધ્યક્ષ .......... હતા.

(A) વેપાર અને વાણિજ્યના વડા
(B) સરકારી ખેતીના સંચાલક
(C) ટંકશાળના અધિકારી
(D) જંગલોના સંચાલક

027. ગુપ્તા કાળ દરમ્યાન "નવનીતકમ" .......... નો સુવિખ્યાત ગ્રંથ હતો.

(A) જ્યોતિષ વિદ્યા
(B) ગણિત
(C) ઔષધ
(D) ધાતુ વિજ્ઞાન

028. ચોલા મંદિરોમાં મોટાભાગે દેવ .......... હોય છે.

(A) શિવ
(B) વિષ્ણુ
(C) કૃષ્ણ
(D) બ્રહ્મા

029. 1949માં નીચેના પૈકી કોણે પોરબંદર ખાતે મહાત્મા ગાંધી કીર્તિ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું ?

(A) ઉચ્છંગરાય ઢેબર
(B) ઈન્દુલાલ યાજ્ઞિક
(C) સરદાર પટેલ
(D) મોરારજી દેસાઈ

030. બાળ લગ્ન અને ફરજીયાત વિધવાપણાનો વિરોધ કરવા માટે નીચેના પૈકી કોણે 1885માં મુંબઈ ખાતે 'સેવા સદન'ની સ્થાપના કરી ?

(A) બેહરમજી એમ. મલબારી
(B) આર. જી. ભંડારકર
(C) શિવ નારાયણ અગ્નિહોત્રી
(D) બી. કે. જયકર

031. નીચેના પૈકી કઈ ક્રાંતિકારી સંસ્થા દ્વારા કાકોરી ટ્રેન કાવતરાનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) ગદર પક્ષ
(B) હિંદુસ્તાન રીપબ્લીકન એસોસીએશન
(C) હિંદુસ્તાન સોસ્યાલીસ્ટ રીપબ્લીકન એસોસીએશન
(D) અનુશીલન સમિતિ

032. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

i. કાલીદાસ – માલવિકાગ્નિમિત્રમ્
ii. વિશાખા દત્ત – મુદ્રા રાક્ષસ
iii. શુદ્રક – પંચતંત્ર
iv. કામંદક – નીતિસાર

(A) ફક્ત i, ii અને iv
(B) ફક્ત i અને iv
(C) ફક્ત ii અને iii
(D) i, ii, iii અને iv

033. રાજકોટ રાજ્યના રાજવી લાખાધીરાજ દ્વારા નીચેના પૈકી કયા પ્રજા કલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી ?

i. તમામ ચૂંટાયેલા સભ્યોવાળી પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના કરી.
ii. કૃષિ બેંકની સ્થાપના કરી.
iii. કાઠીયાવાડ હાઈસ્કૂલ હસ્તગત કરી તેનું નામ આલ્ફ્રેડ હાઈસ્કૂલ આપ્યું.
iv. સ્ત્રીઓ માટે વાંચનાલય શરૂ કર્યું.

(A) ફક્ત i અને iii
(B) ફક્ત ii અને iv
(C) ફક્ત i, ii અને iv
(D) i, ii, iii અને iv

034. સુભાષચંદ્ર બોઝ વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. તેઓના રાજકીય ગુરૂ સી. આર. દાસ હતા.

ii. તેઓએ 1939માં કોંગ્રેસ પ્રમુખ માટેના ગાંધીજીના પ્રતિનિધિ પટ્ટાભી સીતારામૈયાને હરાવ્યા હતા.

iii. તેઓનું સ્લોગન "ચલો દિલ્લી" હતું.

iv. રવિન્દ્રનાથ ટાગોરે તેઓને "દેશ નાયક" તરીકે નવાજ્યા હતા.

(A) i, ii, iii અને iv (B) ફક્ત ii અને iii (C) ફક્ત i, ii અને iii (D) ફક્ત i, iii અને iv

035. સાબરમતીથી દાંડી સુધીની દાંડી કૂચ કેટલા દિવસ માટે થઈ ?

(A) 20 (B) 22 (C) 24 (D) 30

036. "વિધાન સભાઓમાં બેઠકો અથવા નોકરીઓના સ્વરૂપે કચડાયેલા વર્ગોના હિતોનું રક્ષણ કરવું જરૂરી ન હતું પરંતુ જડમૂળથી અસ્પૃશ્યતા નાબૂદ કરવી જરૂરી હતી." – આવું કોણે કહ્યું હતું ?

(A) ઠક્કર બાપા (B) કિશોરીલાલ મશરૂવાલા

(C) ડૉ. બી. આર. આંબેડકર (D) ગાંધીજી

037. સ્વતંત્ર ભારતમાં સરદાર પટેલને નીચેના પૈકી કયા મંત્રાલયો આપવામાં આવ્યા હતા ?

i. ગૃહ ii. સહાય અને પુનઃવસવાટ

iii. માહિતી અને પ્રસારણ iv. કૃષિ

(A) ફક્ત i અને iii (B) ફક્ત i, ii અને iii

(C) i, ii, iii અને iv (D) ફક્ત i અને ii

038. ઋગવેદ સમય દરમ્યાન સ્ત્રીઓની સ્થિતિ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

i. કન્યાઓ માટે પણ ઉપનયન-યજ્ઞાપવીત વિધિ કરવામાં આવતી હતી.

ii. કિશોરોની જેમ કન્યાઓ પણ શિક્ષણ પ્રાપ્ત કરતી હતી અને બ્રહ્મચર્યનું પાલન કરતી હતી.

iii. સ્ત્રીઓ પણ વેદોનો અભ્યાસ કરતી હતી.

iv. અનેક સ્ત્રી દ્રષ્ટાઓએ વૈદિક સ્ત્રોતોની રચના કરી હતી.

(A) ફક્ત i (B) ફક્ત iv (C) ફક્ત i અને iv (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

039. બંગાળની કાયમી જમાબંધી, 1793 બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. જમીન મહેસૂલ ભરવાની શરતે જમીનદારોને જમીનના માલિક તરીકે ગણવામાં આવ્યા.

ii. મહેસૂલ જમાબંધી કાયમી રીતે નિયત કરવામાં આવી.

iii. ભાડાના 50% રાજ્ય માંગણા તરીકે નિયત કરવામાં આવ્યું.

(A) ફક્ત i અને ii (B) ફક્ત i અને iii (C) ફક્ત ii અને iii (D) i, ii અને iii

040. "જો વિશ્વમાં કોઈ પાપ છે તો તે નબળાઈ છે, તમામ નબળાઈ ટાળો, નબળાઈ પાપ છે, નબળાઈ મૃત્યુ છે." – આવું કોણે કહ્યું ?

(A) સ્વામી વિવેકાનંદ (B) અરવિંદો ઘોષ

(C) બાલ ગંગાધર તીલક (D) બિપીનચંદ્ર પાલ

041. "પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર, સમદષ્ટિને સર્વ સમાન" – કયા કવિની પંક્તિઓ છે ?

(A) મીરાબાઈ (B) નરસિંહ મહેતા (C) ભાલણ (D) પ્રેમાનંદ

042. જૂની જૈન પોથીમાં અગ્રસ્થાને કોને મૂકવામાં આવે છે ?

(A) સંગ્રહણી સૂત્ર (B) બાલગોપાલ સ્તુતિ (C) કલ્પસૂત્ર (D) ચૌરપંચાશિકા

043. અમદાવાદના કાંકરિયા તળાવનું મૂળ નામ શું હતું ?

(A) હજીરો (B) અલીમપુર (C) હોજે કુતુબ (D) ગોપી તળાવ

044. છોટાઉદેપુરના પૂર્વ ભાગમાં સોમવાર માટે કયો શબ્દ પ્રચલિત છે ?

(A) દિતવાર (B) ગુજરી (C) રાપચોરિયો (D) દેવનો

045. આદિવાસીઓમાં લગ્નના દિવસોમાં કયુ નૃત્ય મહદંશે પુરુષો દ્વારા થાય છે ?

(A) કૂદણિયું (B) હાલેણી (C) માટલી નૃત્ય (D) આંબલી ગોધો

046. આદિવાસીઓ કંઠ ઉપર પટ્ટા જેવી જે માળા પહેરે છે તેનું નામ જણાવો.

(A) છાંટિયા (B) સડા (C) ગોવેણ (D) ઘૂઘરો

047. સાંથલોની માન્યતા અનુસાર તેમની ઉત્પત્તિ નીચેના પૈકી શામાંથી થઈ ?

(A) કબૂતર (B) હંસ (C) વાનર (D) ભેંસ

048. કાગળ પર જળરંગવાળું રાધાના વેશમાં કૃષ્ણનું રેખાંકન રાજસ્થાનમાં કઈ કલમ તરીકે ઓળખાય છે ?

(A) કોટા કલમ (B) જયપુર કલમ (C) બુંદી કલમ (D) કિશનગઢ કલમ

049. ઈલોરામાં એક ખડકમાંથી કોતરેલું કોનું મંદિર છે ?

(A) ધુમલીનું મંદિર (B) રાજરાજેશ્વર મંદિર
(C) કૈલાસનાથ મંદિર (D) લિંગરાજ મંદિર

050. "તમે પીશો મા, પીશો મા, દારવો પીશો મા...." આદિવાસી સમાજમાં દારૂના દૂષણ વિરૂધ્ધ જાગૃતિ લાવનારના ગીતના કવિનું નામ જણાવો.

(A) જુગતરામ દવે (B) જીવણસિંહ ગામીત (C) ઠક્કર બાપા (D) કિસનસિંહ ગામીત

051. નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ અનુસાર હાલના બેરોજગારી / રોજગારીની દૈનિક સ્થિતિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. જે વ્યક્તિ એક કલાક માટે કામ કરે પણ ચાર કલાક કરતાં ઓછું કામ કરે તો તેણે અડધો દિવસ માટે કામ કર્યું હોવાનું ગણાશે.

ii. જ્યારે વ્યક્તિ દિવસ દરમ્યાન ચાર કલાક કે તેથી વધારે કામ કરે તો તે આખા દિવસ માટે કાર્યરત છે એમ ગણાશે.

iii. હાલનો દૈનિક સ્થિતિ બેરોજગારીનો દર કોન્ટ્રાક્ટ દર (Contract rate) છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

052. કર્મચારી રાજ્ય વીમા યોજના (Employees' State Insurance Scheme) હેઠળ નીચેના પૈકી કઈ સંસ્થાઓના કર્મચારીઓ સામાજીક સુરક્ષા ન્યાય (Social Security Coverage) ધરાવે છે ?

i. હોટલ અને રેસ્ટોરન્ટ
ii. મોટર ટ્રાન્સપોર્ટ અન્ડરટેકીંગ
iii. સમાચારપત્રો મહેકમો
iv. ખાનગી તબીબી સંસ્થાઓ

(A) ફક્ત i, ii અને iii (B) ફક્ત iii અને iv (C) i, ii, iii અને iv (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

053. ગુજરાતમાં BIG 2020 ..........નું વિઝન ડોક્યુમેન્ટ (Vision Document) છે.

(A) ઉદ્યોગ ક્ષેત્ર (B) કૃષિ ક્ષેત્ર (C) આંતરમાળખું (D) વિદેશી વેપાર

054. આપેલા સમય માટે દેશની રાષ્ટ્રીય આવકમાં .......... શામેલ છે.

i. સરકાર દ્વારા કરવામાં આવેલ વપરાશ અને રોકાણ ખર્ચ.
ii. વિદેશમાં ભારતીયો દ્વારા કરવામાં આવેલ વપરાશ અને રોકાણ ખર્ચ
iii. ખાનગી ક્ષેત્ર દ્વારા કરવામાં આવેલ વપરાશ અને રોકાણ ખર્ચ

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને iii (D) i, ii અને iii

055. ભવિષ્યમાં આર્થિક વિકાસનો એજન્ડા સમાવિષ્ટ વૃધ્ધિ છે. સમાવિષ્ટ વૃધ્ધિની વ્યૂહરચના .......... ઉપર ધ્યાન કેન્દ્રીત કરતી નથી.

(A) શૈક્ષણિક તકોમાં વધારો
(B) પછાત વર્ગોમાં ગરીબીમાં ઘટાડો
(C) આદિવાસી વસ્તી માટે આજીવિકાનું વૈવિધ્યીકરણ કરવું
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

056. બેંકોએ તેઓની તરલ અસ્કયામતો અને કુલ થાપણો વચ્ચેનો ગુણોત્તર જાળવવા પડે છે. આ ગુણોત્તરને .......... કહે છે.

(A) રોકડ અનામત ગુણોત્તર (Cash Reserve Ratio)
(B) વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (Statutory Liquidity Ratio)
(C) પર્યાપ્તતા મૂડીનો ગુણોત્તર (Capital Adequacy Ratio)
(D) કેન્દ્રીય પ્રવાહિતા ગુણોત્તર (Central Liquid Ratio)

057. મહેસૂલી ખાધ (Revenue Deficit) બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. તે ફક્ત એવા જ વ્યવહારોનો સમાવેશ કરે છે કે જે સરકારની ચાલુ આવક અને ખર્ચને અસર કરે.
ii. તે સરકાર દ્વારા લીધેલ ચાલુ ઉધારને પણ ધ્યાને લે છે.
iii. ધ ફીસકલ રીસપોન્સીબ્લીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ અધિનિયમ અનુસાર સરકારે મહેસૂલી ખાધ ઘટાડીને GDP ના 3% કરવાની રહે છે.

(A) ફક્ત i (B) i, ii અને iii (C) ફક્ત i અને iii (D) ફક્ત i અને ii

058. 2020-21 પહેલાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાનું હિસાબી વર્ષ .......... છે.

(A) એપ્રિલ થી માર્ચ (B) જુલાઈ થી જૂન
(C) ઓક્ટોબર થી સપ્ટેમ્બર (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

059. ભારતમાં વાણિજ્ય બેંકોના કાર્યોમાં .......... નો સમાવેશ થાય છે.

(A) ગ્રાહકો વતી શેર અને સીક્યુરીટીઝની ખરીદી અને વેચાણ.

(B) વીલ (Will) ના વહીવટકર્તા અને ટ્રસ્ટી તરીકે કાર્ય કરવું.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

060. ભારતમાં કરવેરા પધ્ધતિ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. પ્રત્યાગમનક્ષમ કર (Regressive tax) એવા કરવેરા છે કે જે વધુ આવકવાળા કરતાં ઓછી આવકવાળા વ્યક્તિઓ ઉપર વધુ અસર કરે છે.

ii. પ્રમાણસર કરવેરા (Proportional tax)ને ફ્લેટ કરવેરા (Flat tax)ના સંદર્ભે પણ જોવામાં આવે છે.

iii. પ્રત્યક્ષ કરવેરા એ એવી વસુલાત છે કે જે કોઈ ખાસ વ્યક્તિઓના જૂથ ઉપર લાદવામાં આવે છે તેમજ વસૂલ લેવામાં આવે છે.

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને iii (D) i, ii અને iii

061. આંતરરાષ્ટ્રીય પ્રવાહીતા (International liquidity) ની સમસ્યા .......... ની બિન ઉપલબ્ધતા સાથે સંકળાયેલી છે.

(A) વસ્તુઓ અને સેવાઓ (B) સોનુ અને ચાંદી

(C) ડોલર અને અન્ય હાર્ડ (hard) ચલણો (currency) (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

062. સીધુ વિદેશી રોકાણ (FDI) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) FDI અને FII બંને અર્થતંત્રમાં મૂડી લાવે છે.

(B) FDI ના પ્રવેશ ઉપરના નિયંત્રણો FII કરતાં ઓછા છે.

(C) FDI, FII કરતાં વધુ સ્થિર હોવાનું ગણાય છે.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

063. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) જ્યારે GDP ચાલુ ભાવે અંદાજવામાં આવે છે ત્યારે તે નોમિનલ GDP દર્શાવે છે.

(B) વાસ્તવિક (રીઅલ) GDP નો અંદાજ સ્થિર ભાવે કરવામાં આવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

064. બેન્કીંગ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. વાણિજ્ય બેંકોનું નિયમન ચુસ્ત રીતે થાય છે જ્યારે શેડો બેન્કીંગ (shadow banking)નું નિયમન યોગ્ય રીતે થતું નથી.

ii. વાણિજ્ય બેન્કીંગના ઋણ (જવાબદારીઓ)નો વીમો હોય છે, જ્યારે શેડો બેન્કીંગના ઋણ (જવાબદારીઓ)નો વીમો હોતો નથી.

iii. વાણિજ્ય બેંકો જમાકર્તા સંસ્થાઓ (depository institutions) હોવાથી નાણાનું સર્જન કરી શકતી નથી જ્યારે શેડો બેંકો નાણાનું સર્જન કરી શકે છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

065. ભારતમાં અવલંબન ગુણોત્તર (Dependency ratio) ની ગણતરી માટે નીચેના પૈકી કયું સૂત્ર વપરાય છે ?

(A) $\frac{\text{વસ્તી (0 - 14 વર્ષ) અને (60 વર્ષ અને ઉપર)}}{\text{કામ કરતી વસ્તી (15 - 59 વર્ષ)}}$

(B) $\frac{\text{કામ કરતી વસ્તી (15 - 59 વર્ષ)}}{\text{વસ્તી (0 - 14 વર્ષ) અને (60 વર્ષ અને ઉપર)}}$

(C) $\frac{\text{વસ્તી (0 - 18 વર્ષ) અને (59 વર્ષ અને ઉપર)}}{\text{કામ કરતી વસ્તી (19 - 58 વર્ષ)}}$

(D) ઉપરના પૈકી કોઈ નહીં

066. ઓઝોન ઘટાડતાં પદાર્થોના ઉપયોગને નિયંત્રિત અને તબક્કાવાર અંત લાવવા સાથે નીચે પૈકીનું કયું સંકળાયેલું છે ?

(A) મોન્ટ્રીયલ પ્રોટોકોલ
(B) ક્યોટો કોન્ફરન્સ
(C) નગોયા કોન્ફરન્સ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

067. જો કોઈ વ્યક્તિ ગીરના જંગલમાંથી પસાર થઈ રહી છે તો નીચેના પૈકી કયું પ્રાણી જોઈ શકવાની સંભાવના છે ?

i. એશિયાઈ સિંહ
ii. કળણનો મગર
iii. જંગલી સૂવર
iv. વાનર

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત ii અને iv
(D) i, ii, iii અને iv

068. નીચેના પૈકી કયા જોડકાંને યોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

| રાષ્ટ્રીય ઉદ્યાન / અભયારણ્ય | મુખ્ય પ્રાણીઓ |
|---|---|
| 1. ચંદ્રપ્રભા અભયારણ્ય | ગીરના સિંહ, સાબર |
| 2. દાંડેલી અભયારણ્ય | વાઘ, હાથી, જરખ |
| 3. જિમ કાર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન | નીલ ગાય, બારાસીંગો, દીપડો |
| 4. ગીન્ડી રાષ્ટ્રીય ઉદ્યાન | બરફનું રીંછ, ભૂરું રીંછ, યાક |

(A) 1, 2, 3, અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 4
(D) ફક્ત 1 અને 3

069. આઈ.એન.એસ. સહ્યાદ્રી હમણાં સમાચારોમાં છે. તે .......... છે.

(A) નૌકાદળ મથક
(B) સબમરીન
(C) ફ્રિગેટ યુદ્ધ જહાજ
(D) નેવી રીકવરી વેસલ (નૌકાદળ બચાવ જહાજ)

070. નીચેના પૈકી કયા સૂચકો વિદેશી હૂંડીયામણની સ્થિરતાને નબળી દર્શાવે છે ?

i. આયાતમાં ઘટાડો

ii. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા મૂડી પ્રવાહ

iii. ટૂંકી મુદતના બાકી બાહ્ય દેવામાં ઘટાડો

(A) ફક્ત i અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) i, ii અને iii

071. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) ફ્લુરોસેન્ટ લેમ્પ એ પ્રકાશ ઉત્પન્ન કરવા માટે ઈલેક્ટ્રોન દ્વારા આંદોલિત (ઉત્તેજિત) થયેલા ફોસ્ફોરસનો ઉપયોગ કરે છે.

(B) ફ્લુરોસેન્ટ લેમ્પ એ વીજ બચાવ (એનર્જી એફિસિએન્ટ) અને આંતરિક લાઈટિંગ માટે શ્રેષ્ઠ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

072. વ્હોટ્સએપ ટેકનોલોજી માટે નીચેના વિધાનો પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) વ્હોટ્સએપ 128 બીટ એન્ક્રીપ્શન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

(B) 128 બીટ એન્ક્રીપશન ટેકનોલોજી અતિ સલામત ટેકનોલોજી ગણાય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

073. નીચેના પૈકી કયા વિધાનો કેન્સર માટે સાચાં છે ?

i. કેન્સર માટે જવાબદાર વાયરસમાં વાયરલ ઓન્કોજિન નામના જિન્સ હોય છે.

ii. મેલિગન્ટ ટ્યૂમર્સ તેના મૂળ સ્થાન પૂરતાં સીમિત રહે છે.

iii. કેન્સરના કોષ સંપર્કબંધી પ્રદર્શિત કરતાં નથી.

(A) ફક્ત i અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) i, ii અને iii

074. પૃથ્વીનું પરિભ્રમણ કરતો ઉપગ્રહ નીચે પડતો નથી કારણ કે પૃથ્વીનું આકર્ષણ ..........

(A) એ અંતરે અસ્તિત્વ ધરાવતું નથી.

(B) ચંદ્રની ક્રિયાને બિનઅસરકારક બનાવે છે.

(C) સતત ગતિમાન રહેવા જરૂરી ઝડપ પૂરી પાડે છે.

(D) તેની ગતિ માટે જરૂરી પ્રવેગ પૂરો પાડે છે.

075. નીચેના પૈકી સૌરમંડળનો કયો ગ્રહ પાણી પર તરી શકે ?

(A) મંગળ અને ગુરુ (B) શુક્ર અને નેપચ્યૂન (C) બુધ અને શુક્ર (D) શનિ

076. બુધ્ધનો સારનાથ ખાતેના પ્રથમ ઉપદેશની ઘટના નીચેના પૈકી કયા નામે ઓળખાય છે ?

(A) મહાજ્ઞાન-પ્રાપ્તિ

(B) મહાપરીનિર્વાણ

(C) ધર્મચક્રપ્રવર્તન

(D) મહાભિનિષ્ક્રમણ

077. મૌર્ય વહીવટીતંત્રમાં મુખ્ય કર ઉઘરાવનાર કયા નામે ઓળખાતો હતો ?

(A) સમાહર્તા

(B) સન્નિધાતા

(C) મહાક્ષપટલીકા

(D) પ્રદ્વિવેકા

078. નીચેના પૈકી કયા રાજાએ ગીરનાર પાસેના સુદર્શન તળાવનું સમારકામ કરાવ્યું ?

(A) ચંદ્રગુપ્ત-II

(B) સ્કન્દગુપ્ત

(C) સમુદ્રગુપ્ત

(D) કુમારગુપ્ત-I

079. નીચેના પૈકી કયો પલ્લવ રાજા ચાલુક્ય રાજા પુલકેશી II સાથે લડ્યો ?
(A) મહેન્દ્રવર્મન
(B) સિંહવર્મન
(C) નંદિવર્મન
(D) વિષ્ણુગોપવર્મન

080. સુવિખ્યાત રાણ-કી-વાવના નિર્માણનું શ્રેય નીચેના પૈકી કઈ રાણીને આપવામાં આવે છે ?
(A) માધવી
(B) અપ્પાદેવી
(C) બકુલાદેવી
(D) ઉદયમતી

081. નીચેના પૈકી કોના સમય દરમ્યાન ટીપુ સુલતાન સાથે ત્રીજું એંગ્લો-મૈસુર યુધ્ધ લડાયું હતું ?
(A) વૉરન હેસ્ટીંગ્સ
(B) ચાર્લ્સ કોર્નવોલિસ
(C) રોબર્ટ ક્લાઈવ
(D) વેલેસ્લી

082. ભારતમાં શુધ્ધિ આંદોલનની શરૂઆત કોણે કરી ?
(A) રાજા રામમોહનરાય
(B) દયાનંદ સરસ્વતી
(C) કેશવચંદ્ર સેન
(D) રામકૃષ્ણ પરમહંસ

083. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કયા અધિવેશનના પ્રમુખ સરદાર વલ્લભભાઈ પટેલ હતા ?
(A) લાહોર, 1930
(B) કરાંચી, 1931
(C) નાગપુર, 1932
(D) મુંબઈ, 1934

084. ભાવનગર રાજ્યમાં નીચેના પૈકી કોણે રાજ્ય પરિષદની સ્થાપના દ્વારા સંવૈધાનિક રાજની શરૂઆત કરી ?
(A) ભાવસિંહજી-II
(B) જશવંતસિંહજી
(C) તખ્તસિંહજી
(D) ધુણાસિંહજી

085. નીચેના પૈકી કયા પલ્લવ રાજાએ મહાબલીપુરમ ખાતે ખડકને કાપીને સુવિખ્યાત રથ બનાવ્યા ?
(A) પરમેશ્વરવર્મન-I
(B) નરસિંહવર્મન-I
(C) નંદિવર્મન-II
(D) પરમેશ્વરવર્મન-II

086. નીચેના પૈકી કોણે મોરબી રાજ્યમાં ટેલીફોન સંદેશાવ્યવહાર શરૂ કર્યો ?
(A) કન્યાજી રાવજી
(B) જયાજી રાવજી
(C) લખધીરજી રાવજી
(D) વાઘજી રાવજી-II

087. સિંધુ સંસ્કૃતિના નીચેના પૈકી કયા સ્થળોએ યજ્ઞવેદીઓ ઓળખી કાઢવામાં આવી છે ?
i. લોથલ
ii. બનાવલી
iii. હરપ્પા
iv. કાલીબંગા
(A) ફક્ત i અને ii
(B) ફક્ત i અને iii
(C) ફક્ત i અને iv
(D) i, ii, iii અને iv

088. સપ્ટેમ્બર 1923માં "સ્વરાજ આશ્રમ સંઘ"ના પ્રમુખ તરીકે કોણ નિયુક્ત થયા હતા ?
(A) ગાંધીજી
(B) વલ્લભભાઈ પટેલ
(C) અનસૂયાબેન સારાભાઈ
(D) ચુનીલાલ મહેતા

089. નીચેના પૈકી કયો કાળક્રમ સાચો છે ?

(A) પ્રથમ ગોળમેજી પરિષદ – દાંડી કૂચ – ગાંધી ઈરવીન કરાર – કોમી ચુકાદાની જાહેરાત

(B) પ્રથમ ગોળમેજી પરિષદ – કોમી ચુકાદાની જાહેરાત – દાંડી કૂચ – ગાંધી ઈરવીન કરાર

(C) દાંડી કૂચ – પ્રથમ ગોળમેજી પરિષદ – ગાંધી ઈરવીન કરાર – કોમી ચુકાદાની જાહેરાત

(D) પ્રથમ ગોળમેજી પરિષદ – દાંડી કૂચ – કોમી ચુકાદાની જાહેરાત – ગાંધી ઈરવીન કરાર

090. સૌ પ્રથમ આર્ય સમાજની સ્થાપના .......... ખાતે થઈ હતી.

(A) રાજકોટ
(B) મુંબઈ
(C) પૂના
(D) જોધપુર

091. એપ્રિલ 1934માં નીચેના પૈકી કોણે અગ્રગણ્ય મહિલા સંસ્થા "જ્યોતિ સંઘ"ની સ્થાપના કરી હતી ?

(A) અનસૂયાબેન સારાભાઈ
(B) ચંપાબેન મહેતા
(C) મૃદુલા સારાભાઈ
(D) પેરીના મિસ્ત્રી

092. નીચેના પૈકી કયો બનાવ સૌથી પહેલો બન્યો હતો ?

(A) ચૌરી-ચૌરા બનાવ
(B) કાકોરી બનાવ
(C) રૉલેટ સત્યાગ્રહ (1919)
(D) બારડોલી સત્યાગ્રહ

093. કઈ બૌધ્ધ પરિષદ બાદ મહાયાન સંપ્રદાયની ચઢતી થઈ ?

(A) પ્રથમ
(B) બીજી
(C) ત્રીજી
(D) ચોથી

094. પોતાનો દરજ્જો વધારવા માટે તેમજ સ્થાન મજબૂત કરવા માટે ચંદ્રગુપ્ત બીજાએ નીચેના પૈકી કયા રાજવંશો સાથે વૈવાહિક જોડાણ કર્યા ?

i. લિચ્છવિ
ii. વાકાટક
iii. નાગ
iv. કદંબ

(A) ફક્ત i અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) i, ii, iii અને iv

095. રૂદ્રદમનના ઈ.સ. 150 ના જૂનાગઢના શિલાલેખો .......... માં છે.

(A) પ્રાકૃત
(B) પાલિ
(C) તામિલ
(D) સંસ્કૃત

096. 1918માં શરૂ થયેલ .......... મજૂર સંઘ નિયમિત સભ્યપદ અને લવાજમ સાથેનો પ્રથમ મજૂર સંઘ હતો.

(A) મદ્રાસ
(B) મુંબઈ
(C) કલકત્તા
(D) મદુરાઈ

097. સત્યશોધક સમાજની સ્થાપના મહારાષ્ટ્રમાં 1873માં .......... દ્વારા થઈ હતી.

(A) બી. આર. આંબેડકર
(B) જ્યોતિબા ફૂલે
(C) બાલગંગાધર તીલક
(D) સાવરકર

098. સાલબાઈની સંધિ 1782માં .......... અને અંગ્રેજો વચ્ચે થઈ.

(A) શીખ
(B) ગુરખા
(C) મરાઠા
(D) નિઝામ

099. સિંધુ ખીણ સંસ્કૃતિના નીચેના પૈકી કયા સ્થળોએ ધાન્ય ભરવાની વખારો મળી આવી છે ?

i. મોહેં-જો-ડરો | ii. હરપ્પા | iii. કાલીબંગા | iv. બનાવલી

(A) ફક્ત i અને iii (B) ફક્ત ii અને iv (C) ફક્ત i અને ii (D) ફક્ત ii અને iii

100. ઉત્તરાધિકાર માટેની લડાઈમાં કયા મંત્રીએ અશોકને તેના ભાઈઓની વિરૂધ્ધ મદદ કરી ?

(A) પુષ્યગુપ્ત (B) કૌટિલ્ય (C) વાસુગુપ્ત (D) રાધાગુપ્ત

101. ક્ષ-કિરણોના ગુણધર્મો શું છે ?

i. ક્ષ-કિરણોની તરંગલંબાઈ દશ્યમાન પ્રકાશ કરતાં ઘણી લાંબી હોય છે.

ii. ક્ષ-કિરણોના ફોટોન અણુઓને આયોનાઈઝ્ડ કરવા અને મોલેક્યુલર બોન્ડીંગ (આણ્વીક બંધન) ખોરવી નાખવા પૂરતી ઉર્જાશક્તિ ધરાવે છે.

iii. ક્ષ-કિરણો દ્રવ્ય સાથે બિલકુલ ક્રિયા કરતાં નથી.

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii (C) ફક્ત iii (D) i, ii અને iii

102. નીચેના પૈકીના કયા ઉત્પાદો પારો ધરાવે છે ?

i. એલ.સી.ડી. | ii. લેપટોપ બેટરીઝ | iii. અમુક ઓઈલ પેઈન્ટ્સ

(A) ફક્ત i અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) i, ii અને iii

103. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો રોટા વાયરસ માટે સાચું / સાચાં છે ?

i. તે નવજાત શિશુ અને બાળકોમાં તીવ્ર ટાઈફોઈડ થવાનું સૌથી સામાન્ય કારણ છે.

ii. તે નાના આંતરડાની દિવાલના કોષોને ચેપ લગાડી હાનિ પહોંચાડે છે.

iii. ભારતમાં આ વાયરસને નાથવા સ્વદેશી રોટાવેક વિકસિત કરવામાં આવી છે.

(A) ફક્ત i અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત ii

104. નીચેના પૈકી કયા જોડકાઓ યોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

1. વિટામિન A – પાકા પીળાં ફળો | 2. વિટામિન B1 – ઈંડા

3. વિટામિન E – બદામ અને બીયાં | 4. વિટામિન K – પાલક

(A) 1, 2, 3, અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 4

105. માનવ શરીરમાં હિમોગ્લોબિનનું કાર્ય નીચેના પૈકી કયું છે ?

(A) વાયુનું વહન

(B) એન્ઝાઈમ્સ છૂટાં પાડવાની ક્રિયાને નિયંત્રિત કરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

106. તાજેતરમાં સમાચારોમાં રહેલા 'મારક રોગ-પ્રતિકારક કોષ' (કિલર ઈમ્યુ સેલ) એ એવા પ્રકારના છે કે -

(A) પાંડુરોગ (એનિમિયા) સામે પ્રતિકાર કરી શકે તેવા રક્ત કણો

(B) ફ્લૂ વાયરસ સામે પ્રતિકાર કરી શકે તેવા શ્વેત કણો

(C) ડેંગ્યુ તાવ સામે પ્રતિકાર કરી શકે તેવા પ્લેટલેટ્સ

(D) રોગ પ્રતિકારક શક્તિ વધારી શકે તેવા પ્લાઝમા કોષો

107. નીચેના પૈકી કયા ન્યુક્લિયર ફીઝન રિએક્શન (અણુ વિચ્છેદન પ્રતિક્રિયા)ના ગેરલાભો છે ?
i. વિપુલ માત્રામાં કિરણોત્સર્ગી કચરો
ii. અશ્મિજન્ય ઇંધણ કરતાં વધુ પ્રદૂષણ
iii. પર્યાવરણને નુકસાન થવાની શક્યતાઓ
(A) ફક્ત ii અને iii (B) ફક્ત i અને ii (C) ફક્ત i અને iii (D) i, ii અને iii

108. નીચેના પૈકી કયા વિધાનો અવકાશ પ્રૌદ્યોગિકી (સ્પેસ ટેકનોલોજી) બાબતે સાચાં છે ?
i. MEO પૃથ્વીની મધ્યમ ભ્રમણ કક્ષાને મધ્યવર્તી વર્તુળ ભ્રમણ કક્ષા - ઈન્ટરમિડીએટ સર્ક્યુલર ઓર્બિટ પણ કહેવાય છે.
ii. MEO ને ધ્રુવીય ભ્રમણ કક્ષા પણ કહેવાય છે કારણ કે ઉપગ્રહ આ ભ્રમણ કક્ષામાં ધ્રુવ થી ધ્રુવ ભ્રમણ કરે છે.
iii. આ ભ્રમણ કક્ષામાં ઉપગ્રહ પૃથ્વીના ધ્રુવ થી ધ્રુવ ભ્રમણ કરે છે.
(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને iii (D) ફક્ત i અને ii

109. નીચેના પૈકી કયા વિધાનો PSLV અને GSLV બાબતે સાચાં છે ?
i. જીઓ સ્ટેશનરી સેટેલાઈટ લોન્ચ વેહીકલ ધ્રુવીય ભ્રમણ કક્ષામાં ઉપગ્રહો છોડવા માટે વપરાય છે.
ii. GSLV નો પ્રથમ તબક્કો ઘન બળતણ પર આધારિત છે.
iii. PSLV નો પ્રથમ અને ત્રીજો તબક્કો ઘન બળતણ પર આધારિત છે.
iv. GSLV નો ત્રીજો તબક્કો, ક્રાયોજેનિક ટેકનોલોજી પર આધારિત છે.
(A) i, ii, iii અને iv (B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત iii અને iv (D) ફક્ત ii

110. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
(A) ઈથેનોલ ખાદ્ય અને અખાદ્ય બંને પ્રકારના બીજમાંથી ઉત્પન્ન થઈ શકે છે.
(B) બાયોડિઝલ એ ખાંડ ઉદ્યોગની આડપેદાશ મોલાસીસમાંથી કાઢી શકાય છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

111. નીચેના પૈકી કયા જોડકાં યોગ્ય રીતે જોડવામાં આવેલ છે ?
1. સોલિડ સ્ટેટ લેસર્સ – સીડી, ડીવીડી પ્લેયર
2. ગેસ લેસર્સ – વેલ્ડીંગ અને ઈન્ડસ્ટ્રીયલ કટિંગ
3. સેમી કંડક્ટર લેસર્સ – બારકોડ સ્કેનર્સ
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

112. નીચેના પૈકી કયા વિધાનો રડાર અને સોનાર બાબતે સાચાં છે ?
i. રડાર ધ્વનિ તરંગોનો ઉપયોગ કરે છે.
ii. સોનાર અલ્ટ્રાસાઉન્ડ તરંગોનો ઉપયોગ કરે છે.
iii. બંને તરંગો લક્ષ્યથી પરાવર્તિત થઈને રીસીવરમાં પરત આવે છે અને રીસીવર તેના પર પ્રક્રિયા કરે છે.
(A) i, ii અને iii (B) ફક્ત i અને ii (C) ફક્ત ii અને iii (D) ફક્ત i અને iii

113. નીચેના પૈકી કયા જોડકાઓ અયોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?
(A) ફિશિંગ – એક સાયબર ક્રાઈમ છે, જેમાં ઈમેલથી યૂઝરને ગેરમાર્ગે દોરી કપટપૂર્વક વેબસાઈટ પર લઈ જાય છે.
(B) ટોર્ઝન હોર્સ – એક નુકસાનકર્તા પ્રોગ્રામ છે જે દેખાવમાં ઉપયોગી લાગતા ડાટા અથવા પ્રોગ્રામમાં સમાવિષ્ટ હોય છે.
(C) એડવેર – એ સ્પાયવેરનો એવો પ્રકાર છે જેમાં યૂઝર દ્વારા કરવામાં આવતા કી-સ્ટ્રોકની નોંધ રાખે છે.
(D) ઉપર પૈકી એક પણ નહીં

114. નીચેના પૈકી કયા જોડકાઓ અયોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?
(A) અર્જુન – સ્વદેશી નિર્મિત મુખ્ય યુદ્ધ ટેંક
(B) ફાલ્કન – રશિયા દ્વારા ભારતને પૂરી પાડવામાં આવેલ ક્રૂઝ મિસાઈલ
(C) સારસ – સ્વદેશ વિકસિત નાગરિક ઉડ્ડયન જહાજ
(D) આઈ.એન.એસ. કદંબ – કારવાર ખાતે આવેલ નૌકાદળ મથક

115. નીચેના પૈકી કઈ બાબત પારજાંબલી (UV) કિરણોત્સર્ગ વોટર પ્યોરીફાયર સિસ્ટમમાં ભાગ ભજવે છે ?
(A) એ હાનિકારક સૂક્ષ્મ જીવાણુઓને નિષ્ક્રીય કરી નાશ કરે છે.
(B) તે પાણીમાંથી અનિચ્છિત દુર્ગંધ દૂર કરે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

116. આનુવંશિક અભિયંત્રિકી (જેનેટીક એન્જીનિયરિંગ) જિન્સને .......... તબદીલ કરવા દે છે.
(A) વનસ્પતિઓની અલગ અલગ પ્રજાતિઓ વચ્ચે
(B) પ્રાણીઓમાંથી વનસ્પતિઓમાં
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

117. નીચેની યાદી-1 અને યાદી-2 ને યોગ્ય રીતે જોડો.

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. હીમોફીલીયા | i. ઉણપનો રોગ |
| b. ડાયાબિટિસ | ii. આનુવાંશિક વિકાર |
| c. રીકેટ્સ | iii. હોર્મોન વિકાર |
| d. રિંગવર્મ | iv. ફુગજન્ય ચેપ |

(A) a - ii, b - iii, c - iv, d - i
(B) a - ii, b - iii, c - i, d - iv
(C) a - iii, b - ii, c - i, d - iv
(D) a - iii, b - ii, c - iv, d - i

118. ઉષ્ણતામાનને નીચેની કઈ સંજ્ઞામાં તારવીને વ્યક્ત કરી શકાય ?
(A) દળ અને લંબાઈ
(B) દળ અને સમય
(C) દળ, લંબાઈ અને સમય
(D) ઉપર પૈકીનું એક પણ નહીં

119. જ્યારે સીડી (CD)ને સૂર્ય પ્રકાશમાં જોવામાં આવે ત્યારે મેઘધનુષ્ય પ્રકારના રંગો દેખાય છે. આ બાબતને .......... ઘટનાને આધારે સમજાવી શકાય.
(A) પરાવર્તન અને વિવર્તન
(B) પરાવર્તન અને પ્રવાહન
(C) વિવર્તન અને પ્રવાહન
(D) રીફ્રેકશન, વિવર્તન અને પ્રવાહન

120. ન્યૂક્લિયર રીએક્ટર અને અણુબોમ્બ વચ્ચે તફાવત એ છે કે –
(A) ન્યુક્લિયર રીએક્ટરમાં ચેઈન રિએક્શન (ક્રીયા શ્રૃંખલા) થતી નથી જ્યારે અણુ બોમ્બમાં થાય છે.
(B) ન્યુક્લિયર રીએક્ટરમાં ચેઈન રીએક્શન નિયંત્રિત હોય છે.
(C) ન્યુક્લિયર રીએક્ટરમાં ચેઈન રિએક્શન નિયંત્રિત હોતી નથી.
(D) ઉપર પૈકી એક પણ નહીં

121. નેનો ટેકનોલોજી .......... માં ઉપયોગી થઈ શકે.
(A) ખારા પાણીમાંથી મીઠું બનાવવા માટે
(B) દૂષિત પાણીને શુદ્ધ કરવા માટે
(C) સૌંદર્ય પ્રસાધનો અને ખોરાકના પેકેજ માટે
(D) ઉપરોક્ત તમામ

122. તાજેતરમાં વિકસિત કરવામાં આવેલ જેમિનિ ઉપકરણ જે માછીમારો માટે ખૂબ ઉપયોગી થશે તે .......... છે.
(A) મીની સેટેલાઈટ
(B) પોર્ટેબલ રીસીવર
(C) મોબાઈલ એપ
(D) ટ્રાન્સપોન્ડર

123. નીચેના પૈકી કોરોના વાઈરસ બાબતે કયું / કયાં સાચું / સાચાં છે ?
(A) કોરોના વાયરસ એ વાયરસોનો સમૂહ છે જે શરદીથી લઈને એક્યૂટ રેસ્પેરોટરી સિન્ડ્રોમ સુધીની બિમારીનું કારણ છે.
(B) નોવલ કોરોના વાયરસ (nCOV) એ નવો સ્ટ્રેઈન છે જેની મનુષ્યમાં ઓળખ થઈ નથી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

124. સજીવતંત્રમાં પ્રકાશ સંશ્લેષણ દરમિયાન સેન્દ્રીય પદાર્થનો ઉત્પાદન દર .......... કહેવાય છે.
(A) કુલ પ્રાથમિક ઉત્પાદકતા
(B) ચોખ્ખી પ્રાથમિક ઉત્પાદકતા
(C) કુલ ગૌણ ઉત્પાદકતા
(D) ચોખ્ખી ગૌણ ઉત્પાદકતા

125. ગોલ્ડન મશીહુર ને IUCN દ્વારા લાલ યાદીમાં ભયજનક સ્થિતિની પ્રજાતિ ગણેલ છે. તે .......... વર્ગનું છે.
(A) પક્ષી
(B) સર્પ
(C) માછલી
(D) બિલાડી

126. .......... ભગતનું ગામ તરીકે જાણીતું છે.
(A) દાંતા
(B) સાયલા
(C) અંજાર
(D) હાજીપીર

127. સૌરાષ્ટ્રમાં ચારણો જંતરને કયા ભગવાનનું સ્વરૂપ માને છે ?
(A) બ્રહ્મા
(B) કૃષ્ણ
(C) વિષ્ણુ
(D) રૂદ્ર

128. આદિવાસીઓમાં હોળીનૃત્ય પ્રસંગે અને સમૂહનૃત્ય પ્રસંગે જે ઘૂઘરા વગાડાય છે તેનું નામ જણાવો.
(A) ત્રાંસા
(B) ઝાલર
(C) ચીપિયો
(D) રમઝોળ

129. સિયોતની પ્રખ્યાત ગુફાઓ કયા જિલ્લામાં આવેલી છે ?
(A) રાજકોટ
(B) ડાંગ
(C) કચ્છ
(D) સુરેન્દ્રનગર

130. અમદાવાદ ખાતે આવેલ રાણીનો હજીરા બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) તે રાણી ભાનુમતીનો મહેલ હતો.

(B) તેનું નિર્માણ સિધ્ધરાજ જયસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

(C) તે એક મકબરો છે.

(D) તે સોલંકી રાજાઓના સમય દરમ્યાન ઝવેરાતનું બજાર હતું.

131. 14મા નાણાપંચ અનુસાર નીચેના પૈકી કયું કેન્દ્રથી રાજ્યોને કરનું હસ્તાંતરણ માટેનું માપદંડ ન હતું ?

(A) 2011ની વસ્તીગણતરી અનુસાર વસ્તી

(B) વનાવરણ

(C) નાણાકીય શિસ્ત

(D) નાણાકીય ક્ષમતા

132. નીચેના પૈકી કઈ જાહેર દેવું ઘટાડવા માટેની રીત નથી ?

(A) અનુદાન સહાય (Grant-in-aid)

(B) ટર્મીનલ એન્યુઈટીઝ (Terminal Annuities)

(C) મૂડી કર (Capital Levy)

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

133. હિંદુ વૃધ્ધિ દર એટલે ભારતીય અર્થતંત્ર દ્વારા પ્રથમ છ પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન પ્રાપ્ત કરેલ 3.70% વાર્ષિક વૃધ્ધિ દર. આ હિંદુ વૃધ્ધિ દરનો ખ્યાલ .......... દ્વારા અપાયો.

(A) જે. એન. ભગવતી

(B) કે. એન. રાજ

(C) રાજ કૃષ્ણ

(D) સુખમોય ચક્રબોર્તી

134. ભારતીય મૂડી બજાર બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ક્રિસિલ (CRISIL) ની સ્થાપના 8મી પંચવર્ષીય યોજના દરમ્યાન થઈ હતી.

(B) ક્રિસિલ (CRISIL) જાહેર ક્ષેત્રના દેવાના સાધનો (Debt Instruments) નું નિર્ધારણ (rating) કરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

135. સમગ્ર ભારત જથ્થાબંધ ભાવ સૂચક આંક (WPI) બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. સમગ્ર ભારત WPI માટે પાયાનું વર્ષ 2004-05 થી બદલીને 2011-12 કરવામાં આવ્યું છે.

ii. સુધારેલી શ્રેણીઓમાં WPI બે મુખ્ય જૂથોનું બનેલું રહેશે – પ્રાથમિક ચીજવસ્તુઓને અને ઉત્પાદિત બનાવટો.

iii. WPI ની નવી શ્રેણીઓમાં સંકલન માટે ઉપયોગમાં લેવામાં આવેલી કિંમતો પરોક્ષ કરવેરાઓનો સમાવેશ કરતી નથી.

(A) ફક્ત i

(B) ફક્ત i અને iii

(C) ફક્ત ii અને iii

(D) i, ii અને iii

136. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ખાંડની દરેક સીઝન (Season) માટે કેન્દ્ર સરકાર વૈધાનિક ઓછામાં ઓછી (નિમ્નતમ) કિંમત નક્કી કરે છે.

(B) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ખાંડ અને શેરડી આવશ્યક ચીજવસ્તુઓ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

137. ભારતીય રૂપીયો સંપૂર્ણપણે .......... રૂપાંતરીત છે.

i. ચાલુ ખાતાની ચૂકવણીઓના સંતુલન (balance of payments) અન્વયે

ii. મૂડી ખાતાની ચૂકવણીઓના સંતુલન (balance of payments) અન્વયે

iii. સોનામાં

(A) ફક્ત i (B) ફક્ત i અને ii (C) ફક્ત ii અને iii (D) i, ii અને iii

138. ભારત સરકારે ગરીબી રેખા .......... ના સ્વરૂપમાં માપવાનું નક્કી કર્યું છે.

(A) ઘરગથ્થુ વપરાશ (B) ઘરગથ્થુ બચત (C) ઘરગથ્થુ રોકાણ (D) ઘરમાં આશ્રિત સભ્યો

139. નેશનલ પ્રોગ્રામ ઓફ એજ્યુકેશન ફોર ગર્લ્સ એટ એલીમેન્ટરી લેવલ (NPEGEL) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. તે સૂક્ષ્મ (Micro) સ્તરે મુદ્દાઓ ધ્યાનમાં લે છે.

ii. તેનું અમલીકરણ શૈક્ષણિક રીતે પછાત બ્લોક્સમાં થાય છે.

iii. તે શાળાઓમાં કન્યાઓની જરૂરીયાતો ધ્યાનમાં લે છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

140. ગુજરાત બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 2013માં ગુજરાતમાં સાત નવા જિલ્લાઓ બનાવવામાં આવ્યા.

(B) NITI આયોગે મોરબી અને નર્મદાને સૌથી પછાત જિલ્લાઓ તરીકે નિયત કર્યા છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

141. માનવ વિકાસ સૂચકાંક બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. 2017ના માનવ વિકાસ સૂચકાંકના અહેવાલ અનુસાર 36 રાજ્યોમાંથી ગુજરાતનો ક્રમ 21મો છે.

ii. માનવ વિકાસ સૂચકાંકમાં પંજાબ પ્રથમ ક્રમે છે.

iii. 1995 ની સરખામણીમાં 2017માં માનવ વિકાસ સૂચકાંકમાં ભલે સુધારો હોય પણ ગુજરાત રાષ્ટ્રીય સરેરાશ કરતાં નીચે છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

142. પંચવર્ષીય યોજનાઓ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 12મી પંચવર્ષીય યોજના એ ઝડપી, ટકાઉ અને વધુ સમાવિષ્ટ વૃધ્ધિ ઉપર ભાર મૂક્યો.

(B) 9મી પંચવર્ષીય યોજના ભારતમાં નિકાસ અન્વયે વૃધ્ધિની વ્યૂહરચનાને અનુસરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

143. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. ભારતમાં રેપો રેટ (Repo Rate) રીવર્સ રેપો રેટ (Reverse Repo Rate) કરતાં ઓછો છે.

ii. ભારતમાં બેંક રેટ (Bank Rate) રેપો રેટ (Repo Rate) કરતાં વધારે છે.

iii. ભારતમાં રોકડ અનામત ગુણોત્તર (Cash Reserve Ratio) રેપો રેટ કરતાં ઓછો છે.

(A) i, ii અને iii (B) ફક્ત i અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત ii અને iii

144. ભારતીય બેન્કીંગ વ્યવસ્થાના સંદર્ભે નીચેના પૈકી કયા ક્ષેત્રો અગ્રતા ક્ષેત્ર ધિરાણ (Priority Sector Lending) હેઠળ આવે છે ?

i. પુનઃપ્રાપ્ય ઊર્જા (Renewable Energy)

ii. આવાસ (Housing)

iii. સૂક્ષ્મ, નાના અને મધ્યમ કક્ષાના સાહસો (micro, small and medium enterprises)

iv. સામાજીક આંતર માળખું (social infrastructure)

(A) ફક્ત i, ii અને iii (B) ફક્ત i, ii અને iv (C) ફક્ત i, iii અને iv (D) i, ii, iii અને iv

145. જો કોઈ દેશનું ચૂકવણાનું સંતુલન (Balance of Payments) હકારાત્મક (Positive) હોય તો નીચેના પૈકી કયું નહીં થાય?

(A) સોનાની આયાત

(B) વિદેશ વિનિમય (હૂંડિયામણ) સેવાઓમાં વધારો

(C) અન્ય દેશો પાસેથી ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની લોનો (ધિરાણો) મેળવવી

(D) અન્ય દેશોને મૂડી લોન (ધિરાણ)

146. ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંક બાબતે નીચેના પૈકી કયા વિધાનો ખોટાં છે ?

i. તે 100% સરકારી ઇક્વિટી સાથેની પોસ્ટ ખાતા હેઠળની જાહેર ક્ષેત્ર કંપની છે.

ii. તે રાંચીમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી હતી.

iii. તે ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંક સંચાર મંત્રાલય હેઠળના પોસ્ટ ખાતા હેઠળ કાર્ય કરે છે.

iv. તે લોન અને ક્રેડીટ કાર્ડ આપી શકે છે.

(A) ફક્ત i, ii અને iii (B) ફક્ત iv (C) ફક્ત ii અને iii (D) i, ii, iii અને iv

147. ગુજરાતની વિદ્યા લક્ષ્મી યોજના બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ યોજના એવા ગામડાઓને આવરી લે છે કે જ્યાં સ્ત્રી સાક્ષરતા દર 35% કરતા ઓછો હોય.

(B) ધોરણ-1 માં પ્રવેશ લેતી કન્યાઓને રૂા. 2000 ના નર્મદા નિધિ બોન્ડ પૂરા પાડવામાં આવે છે અને ધોરણ-8 પૂર્ણ કર્યા બાદ કન્યાઓને વ્યાજ સાથે ચૂકવણી કરવામાં આવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

148. ગુજરાતના 2019-20 ના અંદાજપત્રની "નલ સે જલ યોજના" બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તમામ ઘરોને નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા માટે રૂા. 20,000 કરોડ આવનારા ત્રણ વર્ષો દરમ્યાન ખર્ચ કરવામાં આવશે.

(B) 2019-20 માં આ યોજના હેઠળ રૂા. 4,500 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

149. નીચેના પૈકી કયું મમતા અભિયાનનો હિસ્સો નથી ?

(A) મમતા દિવસ (ગ્રામ્ય સ્વાસ્થ્ય અને પોષણ દિવસ) (B) મમતા મુલાકાત (જન્મ પછીની કાળજી ઘર મુલાકાત)

(C) મમતા સંદર્ભ (રેફરલ અને સેવાઓ) (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

150. ડેમોગ્રાફિક ડિવિડન્ડ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ડેમોગ્રાફિક ડિવિડન્ડને વસ્તીમાં કામ કરતી વયના લોકોના વધતા જતા હિસ્સાના કારણે આર્થિક વૃધ્ધિના ક્ષેત્રમાં વધારા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

(B) આ ઘટના વધતા જતા જન્મ દર અને વસ્તીના વય માળખામાં કામ કરતી પુખ્ત વય તરફ પરીણામે પલટાની સાથે થાય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

151. નીચેના પૈકી કોણ ગુજરાતના મહાન આયુર્વેદિક ચિકિત્સક હતા ?

(A) ચરક (B) સુશ્રુત (C) ઝંડુ (D) નાગાર્જુન

152. જોડકાં જોડો.

a. નિશાન-ડંકા — i. અવનદ્ધ વાદ્ય

b. રાવણ હથ્થો — ii. તંતુ વાદ્ય

c. પાવરી — iii. સૂષિર વાદ્ય

d. માણ — iv. ઘન વાદ્ય

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - ii, b - i, c - iii, d - iv
(D) a - ii, b - i, c - iv, d - iii

153. જોડકાં જોડો.

a. ન્હાનાલાલ કવિ — i. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત

b. ઉમાશંકર જોશી — ii. જય જય ગરવી ગુજરાત

c. નર્મદશંકર કવિ — iii. ગુજરાતની એક પાંખ નીલી ને એક પાંખ લીલી

d. અરદેશર ખબરદાર — iv. ગુજરાત મોરી મોરી રે

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - iii, b - iv, c - ii, d - i
(D) a - iii, b - iv, c - i, d - ii

154. પુષ્ટિમાર્ગ સંપ્રદાયના આદ્યસ્થાપક વલ્લભાચાર્યજીએ ગુજરાતમાં કૃષ્ણ ભક્તિની સાથે સંગીત મહિમા વધાર્યો. આ સંદર્ભે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. સંગીત દ્વારા સંપ્રદાયના ઘણા તત્ત્વો લોકો સુધી પહોંચી શક્યા.

ii. વૈષ્ણવ મંદિરોનું સંગીત હવેલી સંગીતના વિશિષ્ટ નામે ઓળખાવા લાગ્યું.

iii. તેઓ "સંગીત નહીં તો સંપ્રદાય નહીં" એ મતના પુરસ્કર્તા હતા.

(A) ફક્ત i અને ii
(B) i, ii અને iii
(C) ફક્ત iii
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

155. મહામતિ પ્રાણનાથના સંપ્રદાયનું નામ .......... છે.

(A) નિજાનંદ (B) ગૌડીય વૈષ્ણવ (C) વારકરી (D) રામદાસી

156. નીચેના પૈકી કોણ અષ્ટછાપ કવિ છે ?

(A) નંદદાસ (B) સુંદરદાસ (C) ગુરુદાસ (D) નિશ્ચલદાસ

157. ગુજરાતના સુલતાન મહમ્મદ બેગડાએ જ્યારે પાવાગઢ પર આક્રમણ કર્યું ત્યારે કયા રાજાના રાણી અને અન્ય સ્ત્રીઓએ જૌહર કર્યું હતું ?
(A) જયસિંહ (B) કંપિલીદેવ (C) રત્નસિંહ (D) માનસિંહ

158. દક્ષિણ ભારતમાં પલ્લવ વંશના શાસનકાળમાં કઈ શૈલીનો પાયો નંખાયો ?
(A) હોપસળ (B) નાગર (C) ચૌલુક્ય (D) દ્રવિડ

159. "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...." – આ ગીતના કવિનું નામ જણાવો.
(A) બોટાદકર (B) ખબરદાર (C) કાન્ત (D) કલાપી

160. ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન ક્યાં આવ્યું છે ?
(A) રાજકોટ (B) વડોદરા (C) સુરત (D) અમદાવાદ

161. ઓરિસ્સામાં ચૈતન્ય પ્રભુના પ્રભાવથી જે સંપ્રદાયે લોકભાષામાં પોતાની ભક્તિ ધારા રેલાવી તે કયા નામે પ્રચલિત બન્યો ?
(A) શરણિયા (B) સહજિયા (C) પંચસખા (D) ઈસ્માઈલિયા

162. કયુ વૃક્ષ આદિવાસી વિસ્તારનું કલ્પવૃક્ષ મનાય છે ?
(A) વાંસ (B) ખાખર (C) સાગ (D) તાડ

163. તેલાવ માતાનો મેળો ક્યાં ભરાય છે ?
(A) મેવાસ (B) બારાવાડ (C) પાલ (D) ડાંગ

164. કયા લોકમેળામાં ઊંટની મોટી ગુજરી ભરાય છે ?
(A) ભવનાથ (B) તરણેતર (C) માધવરાય (D) વૌઠા

165. જોડકાં જોડો.

| | |
|---|---|
| a. માણેકઠારી પૂનમનો મેળો | i. અગ્નિદેવ |
| b. મેઘ મેળો | ii. વરદાયિની માતા |
| c. રૂપાલની પલ્લીનો મેળો | iii. મેઘરાજા |
| d. ચૂલ મેળો | iv. રણછોડરાયજી |

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - iv, b - iii, c - ii, d - i
(D) a - iv, b - iii, c - i, d - ii

166. જોડકાં જોડો.

| | |
|---|---|
| a. ઘરશાળા | i. ભાવનગર |
| b. ગોવર્ધનરામ સાહિત્ય સભા | ii. નડિયાદ |
| c. ગુજરાત સાહિત્ય સભા | iii. અમદાવાદ |
| d. નંદીગ્રામ | iv. ધરમપુર |

(A) a - iii, b - iv, c - i, d - ii
(B) a - iii, b - iv, c - ii, d - i
(C) a - i, b - ii, c - iv, d - iii
(D) a - i, b - ii, c - iii, d - iv

167. જોડકાં જોડો.

a. સુરેશ્વર દેસાઈ હવેલી — i. સુરત
b. શાંતિદાસ દેસાઈ હવેલી — ii. ભરૂચ
c. ભિખારીદાસ હવેલી — iii. અમદાવાદ
d. મેહરજી રાણી મેન્શન — iv. વડોદરા

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - iv, b - iii, c - ii, d - i
(D) a - iv, b - iii, c - i, d - ii

168. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના દરબારમાં તાંજાવૂરથી નર્તિકાઓ અને સંગીતવાદ્યના નિષ્ણાત ગુરૂઓને બોલાવવામાં આવ્યો.

ii. આ ગુરૂઓમાંથી કુબેરનાથ તંજાવૂરકરને વડોદરામાં સ્થાયી કરવામાં આવ્યા.

iii. એમના થકી ગુજરાતમાં આ રીતે ભરતનાટ્યમ્નો ઉદય થયો.

(A) i, ii અને iii
(B) ફક્ત ii
(C) ફક્ત iii
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

169. બેટ દ્વારકાના મુખ્ય મંદિર નજીક .......... હનુમાનનું ભવ્ય મંદિર આવેલું છે ?

(A) દાંડીવાળા
(B) કચોરીયું
(C) શ્રી કૃષ્ણ મંદિર
(D) અષ્ટસિધ્ધ

170. ગુજરાતમાં નીચેના પૈકી કયા યુનેસ્કો (UNESCO) વિશ્વ ધરોહર સ્થળો આવેલાં છે ?

i. રાણકી વાવ ૨૦૧૪
ii. ધોળાવીરા
iii. સૂર્યમંદિર, મોઢેરા
૨૦૦૪ iv. ચાંપાનેર-પાવાગઢ પુરાતત્ત્વ પાર્ક

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત ii અને iv
(D) ફક્ત i અને iv

171. પક્ષીદર્શન અને કુદરત પ્રેમીઓ માટે વિખ્યાત વઢવાણા તળાવ (વેટલેન્ડ) ક્યાં આવેલું છે ?

(A) ડભોઈ
(B) સાપુતારા
(C) પાલનપુર
(D) રાજકોટ

172. જોડકાં જોડો.

a. પારનેરા — i. ગિરનાર
b. આભપરા — ii. બનાસકાંઠા
c. જેસોર — iii. ભાણવડ
d. નવનાથ ધૂણા — iv. વલસાડ

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - iv, b - iii, c - ii, d - i
(D) a - iv, b - iii, c - i, d - ii

173. ગુજરાતમાં ઓટો વર્લ્ડ વીન્ટેજ કાર સંગ્રહાલય ક્યાં આવેલું છે ?

(A) રાજકોટ (B) વાંકાનેર (C) ગોંડલ (D) અમદાવાદ

174. ગુજરાતમાં ઈ.એમ.ઈ. – દક્ષિણામૂર્તિ મંદિર ક્યાં આવેલું છે ?

(A) વલસાડ (B) સુરત (C) ભરૂચ (D) વડોદરા

175. કબા ગાંધીનો ડેલો, ગાંધી સ્મૃતિ ક્યાં આવેલું છે ?

(A) પોરબંદર (B) રાજકોટ (C) ગોંડલ (D) દાંડી

176. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો ગુજરાતના જંગલો માટે ખોટું / ખોટાં છે ?

1. કુલ ભૌગોલિક વિસ્તારના 19.67% વિસ્તારને જંગલ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

2. ગુજરાત ભારતના 13% વાનસ્પતિક વૈવિધ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

3. પ્રાણી જીવ વૈવિધ્યમાં દેશના 14% મત્સ્ય અને 18% સરીસૃપનો સમાવેશ થાય છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2

177. નીચેના પૈકી કયા વિધાનો ગુજરાતના ઘુડખર માટે સાચાં છે ?

1. ભારતીય ઘુડખર એ કચ્છના નાના રણની મુખ્ય પ્રજાતિ છે.

2. IUCN દ્વારા ભારતીય ઘુડખરને જોખમમાં મૂકાયેલી પ્રજાતિ ગણાવે છે.

3. 2014 ઘુડખર ગણતરીના અંદાજો મુજબ કચ્છ જિલ્લામાં ઘુડખરની સૌથી વધુ વસ્તી છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

178. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો ગુજરાતના દરિયા કિનારા માટે સાચું / સાચાં છે ?

(A) વલસાડ, નવસારી, ભરૂચ અને સુરત જીલ્લાની પશ્ચિમી સરહદ અરબી સમુદ્ર છે.

(B) ભાવનગર, અમરેલી, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓની પૂર્વીય સરહદ અરબી સમુદ્ર છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

179. નીચેના પૈકી કયા વિધાનો ગુજરાત સરકારની સૌની (SAUNI) યોજના માટે સાચાં છે ?

1. લિંક (સાંકળ) 1 – મોરબી જીલ્લાથી જામનગર જિલ્લો

2. લિંક - 2 – સુરેન્દ્રનગર જિલ્લાથી અમરેલી જિલ્લો

3. લિંક - 3 – સુરેન્દ્રનગર જિલ્લાથી રાજકોટ જિલ્લો

4. લિંક - 4 – મહેસાણા જિલ્લાથી જૂનાગઢ જિલ્લા

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 3

180. નીચેના પૈકી કયા વિધાનો ગુજરાતના આદિવાસીઓ માટે સાચાં છે ?

1. ગુજરાતની આદિવાસી વસ્તી રાજ્યના 48 તાલુકાઓમાં સંકેંદ્રિત છે.

2. તેઓ રાજ્યના 18% ભૌગોલિક વિસ્તારમાં સંકેંદ્રિત છે.

3. આદિવાસી સ્ત્રીઓનો સાક્ષરતા દર 53.2% છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

181. નીચેના પૈકી કયા વિધાનો ગુજરાતના ખનીજ બાબતે સાચાં છે ?

1. ગુજરાતએ ભારતનું બીજા નંબરનું સૌથી મોટું લિગ્નાઈટ ઉત્પાદન કરતું રાજ્ય છે.

2. દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં બોક્સાઈટની ખાણો મળી આવી છે.

3. ફ્લોરસ્પાર ખનીજ છોટાઉદેપુર જિલ્લામાં મળી આવે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

182. નીચેના પૈકી કયું / કયા જોડકાઓ અયોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

1. રામપરા અભ્યારણ્ય – નીલગાય, વરુ, ચિંકારા

2. ગાગા વન્યજીવ અભ્યારણ્ય – ઘોરાડ, શિયાળ

3. જાંબુઘોડા વન્યજીવ અભ્યારણ્ય – ઘોરાડ

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 3 (D) ફક્ત 1 અને 3

183. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો જમીનના ધોવાણ અંગે સાચું / સાચાં છે ?

(A) પવનથી ધોવાણ – એ શુષ્ક અને અર્ધશુષ્ક પ્રદેશોમાં વધુ જોવા મળે છે.

(B) ખડ ધોવાણ અને કોતર ધોવાણ એ જળથી ધોવાણના બે પ્રકારો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

184. નીચેના પૈકી કયા વિધાનો ખોટું / ખોટાં છે ?

(A) અરબી સમુદ્રની શાખા અરબી સમુદ્ર ઉપરથી ભારતીય ભૂભાગ ઉપર ફૂંકાય છે.

(B) બંગાળના ઉપસાગરની સાખા બંગાળનાા ઉપસાગરમાંથી ભેજ એકત્ર કરી મ્યાંમાર અને દક્ષિણ પૂર્વ બાંગ્લાદેશ પર ત્રાટકે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

185. ભારતમાં કપાસના પાક અંગે નીચેના પૈકી કયું / કયા વાક્ય / વાક્યો સાચું / સાચાં છે ?

1. કપાસના પાકને સરેરાશ 50-75 સેમી વરસાદ જરૂરી છે.

2. કપાસના પાકને 21-30 ડિગ્રી સે. ઉષ્ણતામાન જરૂરી છે.

3. કપાસના પાકને ઉંડી કાળી જમીન જરૂરી છે અને પડખાઉ તથા કાંપની જમીનમાં પણ ઉગી શકે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

186. નીચેના પૈકી કયું વિધાન / વિધાનો રાષ્ટ્રીય ઘોરી માર્ગ અને જલ માર્ગ માટે સાચું / સાચાં છે ?

(A) રાષ્ટ્રીય જળમાર્ગ - 4 એ દેશનો સૌથી લાંબો જળમાર્ગ છે.

(B) શરૂઆતના 5 જળમાર્ગો પૈકીનો માત્ર એક જળ માર્ગ ગુજરાતમાંથી પસાર થાય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

187. નીચેના પૈકી કયા જોડકાં યોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

1. ટોડા જાતિ – તામિલનાડુ
2. બોન્ડા – ઓરિસ્સા
3. ઓન્ગે – આંધ્રપ્રદેશ
4. અગરિયા – ઉત્તરપ્રદેશ

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 4

188. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો ભારતમાં સાક્ષરતા બાબતે સાચું / સાચાં છે ?

(A) 1951માં ભારતમાં સ્ત્રી સાક્ષરતા દર 8.86% હતો.
(B) 2011માં ભારતમાં સ્ત્રી સાક્ષરતા દર 65.46% હતો.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

189. ભારતના નીચેના પૈકી કયા પ્રદેશોમાં મેન્ગ્રોવ,બારમાસી લીલા અને પાનખર જંગલોનું મિશ્રણ જોવા મળે છે ?

(A) આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહ
(B) દક્ષિણ સૌરાષ્ટ્ર
(C) દક્ષિણ પશ્ચિમ બંગાળ
(D) ઉપર પૈકીનું કોઈ નહિં

190. નીચેના પૈકીના કયા ખનીજો ધારવાડ ખડક સંરચનામાંથી મળી આવે છે ?

1. ઉચ્ચ કક્ષાનું કાચું લોખંડ
2. તાંબુ
3. સોનું

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) 1, 2 અને 3
(D) ફક્ત 1 અને 3

191. નીચેના પૈકી કયા જોડકા યોગ્ય રીતે જોડેલાં નથી ?

(A) રાજમહાલ ટેકરીઓ – ખંડ પર્વત
(B) કોટોપાક્ષી – જ્વાળામુખી પર્વત
(C) એન્ડિઝ – ગેડ પર્વત
(D) નીલગીરી – શેષ પર્વત

192. નીચેના પૈકી ગુજરાતના કયા જિલ્લામાં ક્ષારથી અસર પામેલી ખરાબાની જમીન મોટા પ્રમાણમાં નોંધાયેલી છે ?

(A) કચ્છ
(B) ભાવનગર
(C) ભરૂચ
(D) ઉપર પૈકી કોઈ પણ નહિં

193. જો ગ્રિનીચ (મુખ્ય રેખાંશ - પ્રાઈમ મેરિડિયન) ખાતે બપોર ના 12.00 વાગ્યા હોય, પરંતુ પૃથ્વીના અન્ય એક ભાગમાં જો લોકો સ્થાનિક સમય મુજબ સવારની ચા 6.00 કલાકે પીતા હોય તો તે જગ્યાનો રેખાંશ ..........

(A) 45 ડિગ્રી પશ્ચિમ
(B) 45 ડિગ્રી પૂર્વ
(C) 90 ડિગ્રી પશ્ચિમ
(D) ઉપર પૈકી કોઈ પણ નહિં

194. નીચેના પૈકી કઈ નદી તેના વહનમાં બે વખત વિષુવવૃત્ત ને પાર કરે છે ?

(A) નાઈલ
(B) કોંગો
(C) નાઈઝર
(D) એમેઝોન

195. સાતપુડા ગિરિમાળાનો ભાગ બનતા નીચેના પર્વતોને પશ્ચિમથી પૂર્વ તરફ જતા ખરા ક્રમમાં ગોઠવો.

(A) રાજમહાલ, મહાદેવ, મૈકલ અને રાજપીપળા
(B) રાજપીપળા, મૈકલ, મહાદેવ અને રાજમહાલ
(C) રાજપીપળા, મહાદેવ, મૈકલ અને રાજમહાલ
(D) ઉપર પૈકી કોઈ પણ નહિં

196. ભારતના ઉચ્ચતમ ન્યાયાલય બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સંસદના દરેક ગૃહમાં સંબોધન પછી રાષ્ટ્રપતિએ કરેલા હુકમ સિવાય ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાય નહિં.
2. હોદ્દા ઉપરથી દૂર કરવાનો પ્રસ્તાવ એ દરેક ગૃહે તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીના તથા તે ગૃહના હાજર રહીને મત આપનાર ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની બહુમતીના ટેકાવાળો હોવો જોઈએ.
3. ઉચ્ચતમ ન્યાયાલયની કાર્યવાહી એ અંગ્રેજી અથવા હિન્દીમાંજ હાથ ધરવામાં આવે છે.
4. ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે હોદ્દો ધરાવી ચૂકેલી કોઈ પણ વ્યક્તિ એ ભારતના ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના કોઈ પણ ન્યાયાલયમાં અથવા કોઈ સત્તાધિકાર સમક્ષ કામકાજ કરી શકશે નહિં.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 1, 2 અને 3

197. ભારતમાં સંસદીય પ્રણાલી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 1952 સુધી ભારતની સંવિધાન સભા એ કામ ચલાઉ સંસદ તરીકે કાર્યરત હતી.
2. વિધેયક કે જે ભારતના એકત્રીત ફંડ (Consolidated Fund of India) માંથી ખર્ચ કરવાનું થતું હોય, તેને રાષ્ટ્રપતિએ વિચારણા કરવા માટે ગૃહને ભલામણ કરી ન હોય, તો સંસદના બેમાંથી કોઈ ગૃહમાંથી પસાર કરી શકાય નહિં.
3. અધ્યક્ષ અથવા નાયબ અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષ દ્વારા નામાંકિત કરવામાં આવેલી લોકસભાના 20 સદસ્યોની બનેલી સભાપતિ પેનલ એ ગૃહની અધ્યક્ષતા કરે છે.
4. સભાપતિ અથવા નાયબ સભાપતિની ગેરહાજરીમાં સભાપતિ દ્વારા નામાંકિત કરવામાં આવેલી રાજ્યસભાના 10 સદસ્યોની બનેલી ઉપ-સભાપતિ પેનલ એ ગૃહની અધ્યક્ષતા કરે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 1 અને 2

198. નીચેના પૈકી કયા વિધાનો એ સંઘ અને રાજ્ય વચ્ચેના સંબંધો બાબતે પૂંચી આયોગની ભલામણો છે ?

1. પંચાયતી રાજ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે અનામત બેઠકોનો ક્રમાનુવર્તી ફેરફાર કરવા બાબતનો વિચાર.
2. સમવર્તી સૂચિના કાયદાઓની બાબતમાં સંઘએ રાજ્યોના સલાહ - સૂચન લેવા આવશ્યક છે.
3. રાજ્યપાલની મુદત એ પાંચ વર્ષ માટેની સુનિશ્ચિત કરેલી છે અને તેઓને પદભ્રષ્ટ કરવાની સત્તા એ કેન્દ્રમાં રહેલી સરકારની ઈચ્છાશક્તિ અનુસાર હોવી ન જોઈએ.
4. આ આયોગ દ્વારા 'સ્થાનિક કટોકટી'નો ખ્યાલ દાખલ કરવામાં આવ્યો.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 1 અને 2

199. ભારતમાં ઉપકર (Cess) લાદવા અને તેને ઉઘરાવવા બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું/સાચાં નથી ?

1. ઉપકર (Cess) એ ભારતના એકત્રિત ફંડમાં જમા થઈ શકે નહિં.
2. ભારતનું નાણા આયોગ એ સંઘ અને રાજ્યો વચ્ચે ઉપકરની વહેંચણી બાબતે ભલામણ કરે છે.
3. ઉપકર માટે ભારતના એકત્રિત ભંડોળથી અલગ એવું સમર્પિત ભંડોળ ઉભું કરવામાં આવશે અને નિભાવવામાં આવશે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 3
(D) માત્ર 1 અને 2

200. લોકસભાના અધ્યક્ષ બાબતે નીચેના પૈકી કયું કયા વિધાનો સાચાં છે ?

1. અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવાના ઠરાવ પસાર કરવાના ઉદ્દેશમાં ઓછામાં ઓછા 30 દિવસની નોટીસ આપવી ફરજીયાત છે.
2. લોકસભાની સામાન્ય હેતુ સમિતિ (General Purposes Committee) અને કાયદા સમિતિઓ એ અધ્યક્ષના વડપણ હેઠળ કાર્ય કરે છે.
3. આજ દિન સુધી લોકસભાના અધ્યક્ષે પોતાના અનન્ય મતદાનનો ઉપયોગ બે વખત કર્યો છે.
4. અધ્યક્ષ નાણાં વિધેયકને પ્રમાણિત કરે છે અને એ બાબતનો અંતિમ નિર્ણય લે છે કે તે વિધેયકમાં કઈ નાણાંકીય બાબતો છે કે જેના કારણે લોકસભાને તેમાં વિશેષ સત્તા છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1, 2 અને 3

★ નિર્દેશ : (201 – 204) : નીચેની વિગતોનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરો અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

એક સાંકેતિક ભાષામાં,

'speak nicely to all' નો સંકેત "ka cu ma he"
'all are like us' નો સંકેત "sifo he to"
'teach us lesson nicely' નો સંકેત "po ma fo re"
'lesson like all humans' નો સંકેત "he re gusi" છે.

All = he
like = he
us = si fo
Lesson - re
are = si
nicely = ma

201. આપેલ ભાષામાં 'are' નો સંકેત કયો છે ?

(A) si
(B) to
(C) fo
(D) ઉપર પૈકી એક પણ નહીં

202. 'humans teach' માટેનો સંકેત કયો હશે ?

(A) gufo
(B) he fo
(C) gupo
(D) ઉપર પૈકી એક પણ નહીં

203. 'speak to me' માટેનો સંકેત કયો હશે ?

(A) maka go
(B) lo ma fo
(C) re ma ku
(D) ઉપર પૈકી એક પણ નહીં

204. 'nicely' માટેનો સંકેત કયો છે ?

(A) he
(B) ma
(C) si
(D) ઉપર પૈકી એક પણ નહીં

★ નિર્દેશ (205 – 206) : નીચેની વિગતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

P, Q, R, S, T અને U એક જ મકાનમાં એક થી છ નંબરના અલગ અલગ માળ પર રહે છે (ભોંયતળિયાના માળને 1 નંબર, તેની તરત ઉપરના માળને 2 નંબર અને આગળ તે રીતે નંબર આપેલા છે તથા સૌથી ઉપરના માળને 6 નંબર આપ્યો છે). P એ યુગ્મ સંખ્યાના માળ પર રહે છે. S અને U જે માળ પર રહે છે તેમની વચ્ચે 2 માળ છે. U જે માળ પર રહે છે તે S ના માળની ઉપર છે. S 2 નંબરના માળ પર રહેતો નથી. Q અયુગ્મ સંખ્યાના માળ પર રહેતો નથી. R એ U ના માળની નીચેના કોઈ માળ પર રહેતો નથી. T એ Q ની તરત ઉપર કે તરત નીચેના માળ પર રહેતો નથી.

205. S અને U ની બરાબર વચ્ચેના માળ પર કોણ રહે છે ?

(A) T, P (B) R, Q

(C) T, R (D) ઉપર પૈકી એક પણ નહીં

206. Q કયા માળ પર રહે છે ?

(A) છઠ્ઠા (B) ચોથા

(C) બીજા (D) નક્કી ન કરી શકાય

207. એક સંખ્યા 81943275 ના પ્રથમ અને પાંચમા અંકની અદલાબદલી કરવામાં આવે છે. તેજ રીતે, બીજા અને છઠ્ઠા અંકની અને એ જ રીતે આગળ ચોથા અને આઠમા અંક સુધીના અંકોની અદલાબદલી કરવામાં આવે છે. તો આ અદલાબદલી બાદ જમણા છેડાથી ત્રીજો અંક કયો હશે ?

(A) 1 (B) 9

(C) 2 (D) ઉપર પૈકી એક પણ નહીં

208. એક વર્ગમાં M નો રેન્ક ઉપરથી આઠમો અને નીચેથી 17મો છે. તો તે વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 24 (B) 25

(C) 26 (D) ઉપર પૈકી એક પણ નહીં

209. નીચે પૈકી કયો વિકલ્પ બાકીના ત્રણ સાથે બંધબેસતો નથી ?

(A) ફોબોસ (B) ટાઈટન

(C) યુરોપા (D) સીરેસ

210. નીચેની માહિતીનો મધ્યક કેટલો થશે ?

| ઉંમર (વર્ષમાં) | 10 | 15 | 14 | 8 | 17 |
|---|---|---|---|---|---|
| છોકરાઓની સંખ્યા | 3 | 2 | 6 | 4 | 5 |

(A) 10.8 (B) 11.8

(C) 12 (D) ઉપર પૈકી એક પણ નહીં

211. નીચેની શ્રેણીમાં આગામી પદ કયુ હશે ?

EJO, TYD, INS, XCH, ( ?)

(A) MSX (B) NSX

(C) NRW (D) ઉપર પૈકી એક પણ નહીં

212. Mના પિતા એ N ના જમાઈ છે. M ની બહેન Q એ P ની પુત્રી છે. P નો N સાથે કયો સંબંધ છે ?

(A) પુત્રી
(B) પુત્રવધુ
(C) જમાઈ
(D) નિશ્ચિત કરી ન શકાય

213. જો એક લંબચોરસનું ક્ષેત્રફળ 1440 ચો સેમી હોય અને તેની બાજુઓ 8:5 ના ગુણોત્તરમાં હોય તો તે લંબચોરસની પરિમીતી કેટલી થશે ?

(A) 104 સેમી
(B) 156 સેમી
(C) 312 સેમી
(D) ઉપર પૈકી એક પણ નહીં

214. P એ Q કરતા 150% વધુ કાર્યક્ષમ છે અને Q એ R કરતા 20% ઓછો કાર્યક્ષમ છે. જો R ચોથા ભાગનું કામ 5 દિવસમાં કરે, તો P, Q અને R એકસાથે મળી કેટલા દિવસમાં કામ પૂર્ણ કરશે ?

(A) $5\frac{5}{19}$ દિવસ
(B) $8\frac{5}{19}$ દિવસ
(C) $6\frac{5}{19}$ દિવસ
(D) ઉપર પૈકી એક પણ નહીં

215. 16641 નું વર્ગમૂળ કેટલુ થશે ?

(A) 121
(B) 131
(C) 129
(D) 211

216. K તેના નગરથી શહેરનો પ્રવાસ કરે છે. તે સાયકલ પર 25 કિમી/કલાકની ઝડપે શહેર જાય છે અને 4 કિમી/કલાકની ઝડપે પરત ફરે છે. જો તેને તેની યાત્રા પૂરી કરવામાં 5 કલાક અને 48 મિનિટ લાગે, તો તેના નગર અને શહેર વચ્ચેનું અંતર કેટલું થશે ?

(A) 15 કિમી
(B) 22 કિમી
(C) 25 કિમી
(D) ઉપર પૈકી એક પણ નહીં

217. 45 વિદ્યાર્થીઓના એક વર્ગમાં, છોકરાઓ અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 5:4 છે. છોકરાઓની સરેરાશ ઉંમર 36 વર્ષ અને છોકરીઓની સરેરાશ ઉંમર 22.5 વર્ષ છે. વર્ગની સરેરાશ ઉંમર કેટલી થશે ?

(A) 30 વર્ષ
(B) 32 વર્ષ
(C) 34 વર્ષ
(D) ઉપર પૈકી એક પણ નહીં

218. 6 પુરૂષો અને 5 સ્ત્રીઓમાંથી 3 સભ્યોની સમિતિ બનાવવાની છે. તો સમિતિમાં ઓછામાં ઓછી 2 સ્ત્રીઓ હોય તેની સંભાવના કેટલી ?

(A) 14/37
(B) 14/33
(C) 16/33
(D) ઉપર પૈકી એક પણ નહીં

219. Yએ કેટલીક રકમના 25% X ને આપ્યા. X એ પ્રાપ્ત કરેલ રકમમાંથી, તેણે 20% પુસ્તકો ખરીદવામાં અને 35% ઘડિયાળ ખરીદવામાં ખર્ચ કર્યા. દર્શાવેલ ખર્ચ કર્યા બાદ, X પાસે રૂા. 2,700 બચ્યા. તો Y પાસે શરૂઆતમાં કેટલા રૂપિયા હશે ?

(A) રૂા. 16,000
(B) રૂા. 15,000
(C) રૂા. 24,000
(D) ઉપર પૈકી એક પણ નહીં

220. 36, 48, 64 અને 72 નો ગુ.સા.અ અને લ.સા.અ અનુક્રમે

(A) 2 અને 576
(B) 4 અને 288
(C) 4 અને 576
(D) ઉપર પૈકી એક પણ નહીં

221. પાંચ સભ્યોના કુટુંબની હાલની સરેરાશ ઉંમર 40 વર્ષ છે. જો સૌથી નાના સભ્યની હાલની ઉંમર 10 વર્ષ હોય, તો સૌથી નાના સભ્યના જન્મના એક દિવસ પૂર્વે કુટુંબની સરેરાશ ઉંમર કેટલી હશે ? (માની લો કે આ સમયગાળામાં કુટુંબમાં અન્ય કોઈ સભ્ય ઉમેરાયો કે દૂર થયો નથી.)

(A) 36.5 વર્ષ
(B) 37.5 વર્ષ
(C) 38.5 વર્ષ
(D) ઉપર પૈકી એક પણ નહીં

222. બે ટેબલની મૂળ કિંમતનો સરવાળો રૂા. 62,500 છે. આ ટેબલો અનુક્રમે 20% અને 30% ના નફાથી વેચાય છે. જો તેમની વેચાણ કિંમત સરખી હોય, તો તેમની મૂળ કિંમતનો તફાવત કેટલો થશે ?

(A) રૂા. 2,300
(B) રૂા. 2,700
(C) રૂા. 2,500
(D) ઉપર પૈકી એક પણ નહીં

223. સરળ રૂપ આપો : 0.7683 + 0.369 + 0.05 + 0.8 = ?

(A) 1.9872
(B) 1.9873
(C) 1.9783
(D) ઉપર પૈકી એક પણ નહીં

224. કેટલાક છોકરાઓ અને છોકરીઓ વચ્ચે 42 નારંગી વહેંચવામાં આવે છે. જો દરેક છોકરો 3 નારંગી મેળવે, તો દરેક છોકરીના ભાગે 6 આવે છે. પરંતુ જો દરેક છોકરો 6 નારંગી મેળવે અને દરેક છોકરી 3 નારંગી મેળવે તો વધારાની 6 નારંગીની જરૂર પડશે. તો છોકરીઓની સંખ્યા કેટલી હશે ?

(A) 4
(B) 6
(C) 8
(D) ઉપર પૈકી એક પણ નહીં

225. એક ગામમાં કેટલાક લોકોની સરેરાશ ઉંમર 42 વર્ષ છે. પણ ચકાસણી બાદ માલૂમ પડ્યું કે એક વ્યક્તિની ઉંમર તેની વાસ્તવિક ઉંમર કરતા 20 વર્ષ ઓછી ધ્યાને લેવાઈ છે. આથી સુધારા બાદ, નવી સરેરાશ 1 જેટલી વધે છે. તો લોકોની કુલ સંખ્યા કેટલી હશે ?

(A) 18
(B) 19
(C) 20
(D) ઉપર પૈકી એક પણ નહીં

226. National Council of Applied Economic Research (પ્રયોજીત અર્થશાસ્ત્ર સંશોધનની રાષ્ટ્રીય પરિષદ)ની Land Records and Service Index (જમીન દફતર અને સેવા સૂચિ)ની પ્રથમ આવૃત્તિ અનુસાર જમીન દફતરના ડીજીટાઈઝેશનમાં ગુજરાત રાજ્ય ..........મા ક્રમે આવેલ છે.

(A) 1st (પહેલા)
(B) 9th (નવમા)
(C) 19th (ઓગણીસમા)
(D) ઉપરના પૈકી એક પણ નહિં

227. ભારત સરકારના જણાવ્યા મુજબ ચંદ્રયાન-૩ .......... વર્ષમાં લોન્ચ કરવામાં આવશે

(A) 2020
(B) 2021
(C) 2022
(D) 2024

228. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રાધિકરણ (National Health Authority) (NHA) ના વિશ્લેષણ મુજબ PM-JAY - Pradhan Mantri Jan Arogya Yojana (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) હેઠળ દર્દીઓને અન્ય રાજ્યોમાં મોકલનારા રાજ્યોની યાદીમાં .......... રાજ્ય ટોચના ક્રમે રહ્યું છે.

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) રાજસ્થાન (D) ઝારખંડ

229. તાજેતરમાં નીચેના પૈકી કયો SAARC દેશ એ United Nations Human Rights Council (UNHRC) (સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ)ના ગુનાઓ સામે યુદ્ધના ઠરાવમાંથી દૂર થઈ ગયો છે ?

(A) બાંગ્લાદેશ (B) અફઘાનિસ્તાન (C) પાકિસ્તાન (D) શ્રીલંકા

230. RBI એ "Now Casting Indian GDP growth using a Dynamic Factor Model" નિબંધ (પેપર) દ્વારા ભારતની વૃદ્ધિની ગણતરી કરવા માટે 12 સૂચકો રજૂ કર્યા છે. નીચેના પૈકી કોનો સમાવેશ તે યાદીમાં થતો નથી ?

(A) સહકારી મંડળીઓ (B) નિકાસ (C) રેલ માલ ભાડું (D) બેંક ધિરાણ

231. Department for Promotion of Industry and Internal Trade (DPIIT) (ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર પ્રોત્સાહન વિભાગ) દ્વારા તાજેતરમાં નીચેના પૈકી કયા ક્ષેત્રોમાં 100% FDI મંજૂર કરવામાં આવી ?

(A) વીમા બ્રોકીંગ (B) વીમા કંપનીઓ

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) એક પણ નહીં

232. પ્રોટીનના સ્વાસ્થ્ય લક્ષી ફાયદાઓ પ્રત્યે જાગૃતતા વધારવાના હેતુથી ફેબ્રુઆરી, 27, 2020 ના રોજ ભારતમાં પ્રથમ પ્રોટીન દિવસ મનાવવામાં આવ્યો. પ્રોટીન દિવસ 2020 નો મુખ્ય વિચાર (Theme) .......... હતો.

(A) પ્રોટીન એ તમામ બાબત છે. (Protein is everything)

(B) પ્રોટીન મે સબ કુછ હૈ

(C) પ્રોટીન મે ક્યા હૈ

(D) પ્રોટીન ખાઓ સુખ રહો

233. તાજેતરમાં કેન્દ્ર સરકારે .......... ના લાભાર્થે 'Santusht' નામની મોબાઈલ App નો પ્રારંભ કર્યો છે.

(A) ESI લાભાર્થીઓ (ESI Beneficiaries) (B) બિન સંગઠીત મજૂર

(C) સગર્ભા સ્ત્રીઓ (D) બાંધકામ મજૂર

234. યુ.કે. (United Kingdom), સ્વીટઝરલેન્ડ અને ભારતના નિષ્ણાંતોની ટીમે Cave fish ની વિશ્વની સૌથી મોટી પ્રજાતિ .......... ખાતેથી શોધી કાઢી છે.

(A) કચ્છ, ગુજરાત (Kutch, Gujarat)

(B) નીલગીરીની ટેકરીઓ, તામિલનાડુ (Nilgiri Hills, Tamil Nadu)

(C) જૈન્ટીયા ટેકરીઓ, મેઘાલય (Jaintia Hills, Meghalaya)

(D) ચિલ્કા સરોવર, ઓરિસ્સા (Chilka Lake, Odisha)

235. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ વાર ખેલો ઈન્ડીયા યુનિવર્સિટી ગેમ્સ (Khelo India University Games)નું .......... ખાતે ઉદ્‌ઘાટન કર્યું.

(A) ત્રિચી – તમિલનાડુ (B) કટક – ઓરિસ્સા

(C) હસન – કર્ણાટક (D) તિરૂપતિ – આંધ્રપ્રદેશ

236. 2020 ની Asian Wrestling Championship (એશીયન કુસ્તી ચેમ્પીયનશીપ)માં મેડલની ગણતરીમાં જાપાન ટોચના ક્રમે રહ્યું જ્યારે ભારત .......... મા ક્રમે આવ્યું

(A) 2nd (બીજા) (B) 3rd (ત્રીજા) (C) 4th (ચોથા) (D) 5th (પાંચમા)

237. ભારત સરકારે .......... સુધીમાં દૂધ પ્રક્રિયા ક્ષમતા (Milk Processing Capacity) બમણી કરવાનું નક્કી કરેલ છે.

(A) 2022 (B) 2025 (C) 2030 (D) 2035

238. વિશ્વ ભાષા ડેટાબેઝ (World Language Database), Ethnologue ની 22મી આવૃત્તિ અનુસાર, 2019માં હિન્દી વિશ્વની .......... ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા છે.

(A) અંગ્રેજી પછી બીજા
(B) મેન્ડરીન (Mandarin) પછી ત્રીજા
(C) સ્પેનીશ પછી ચોથા
(D) પહેલા

239. તાજેતરમાં USA અને તાલિબાને .......... દેશ ખાતે તેમના અફઘાનિસ્તાન ખાતે ચાલતા યુદ્ધનો અંત લાવવાના હેતુથી ઐતિહાસિક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

(A) ઈજીપ્ત (B) કતાર (C) પાકિસ્તાન (D) તુર્કી

240. ઉપભોક્તા સંરક્ષણ અધિનિયમ 2019 વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ અધિનિયમ હેઠળ કેન્દ્રીય ઉપભોક્તા સંરક્ષણ સત્તાધિકારની સ્થાપના થશે.
2. આ અધિનિયમ એ ગેરમાર્ગે દોરતી જાહેરાતોને અટકાવવા માટે ખાસ ધ્યાન આપશે.
3. આ અધિનિયમ અંતર્ગત ઉપભોકતા સંરક્ષણ સત્તાધિકાર એ ખોટી જાહેરાત આપનારા જાહેરાતકાર, ઉત્પાદક, વ્યાપારી અથવા સમર્થન આપનાર પર રૂા. 10 લાખ સુધીનો દંડ લગાવી શકાશે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

241. તાજેતરમાં નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા EASE 3.0 નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના .......... સાથે સંલગ્ન છે.

(A) બેંકીંગ
(B) સ્ટોક માર્કેટ
(C) કરદાતાઓ
(D) ઉપરના પૈકી એક પણ નહિં

242. Surrogacy Regulation Bill 2019માં કેન્દ્રીય કેબીનેટે નીચેના પૈકી કયા સુધારા મંજૂર કર્યા ?

1. વંધ્યત્વ શબ્દની વ્યાખ્યા રદ કરી.
2. માત્ર નજીકના સગા જ નહિં પરંતુ "કોઈ પણ સ્ત્રી" કે જે Surrogate માતા બનવા તૈયાર હોય તે મંજૂર રાખવામાં આવશે.
3. Surrogacy (Regulation) Bill એ લોકસભામાં 2019માં પારિત થયું

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

243. Indra Dhanush Exercise 2020, એ હિન્ડોન એરફોર્સ સ્ટેશન ખાતે યોજાયેલી ભારત અને .......... દેશ વચ્ચેની સંયુક્ત એરફોર્સ કવાયત (exercise) છે.

(A) USA
(B) UK
(C) રશિયા
(D) ફ્રાંસ

244. ભારતમાં તીડ જંતુના આક્રમણ બાબતે નીચેના પૈકી કયું વિધાન /કયા વિધાનો સાચું / સાચાં છે ?

(A) પૃથ્વી પર તીડની મહત્ત્વની 10 પ્રજાતિઓ છે કે જે મોટા પાયે નુકસાન કરે છે.

(B) ભારતમાં માત્ર 4 જોવા મળે છે તે રણ તીડ, બોમ્બે તીડ, સ્થળાંતરીત તીડ અને વૃક્ષ તીડ.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) એક પણ નહિં

245. ભારતીય અંતરીક્ષ સંશોધન સંસ્થા (Indian Space Research Organization) (ISRO) એ ભારતીય ઉપખંડનું સતત નીરીક્ષણ થઈ શકે તે માટે .......... ઉપગ્રહ પ્રક્ષેપણ કરશે.

(A) GISAT - 1
(B) RISAT - 10
(C) ISATC - 10
(D) ઉપરના પૈકી એક પણ નહિં

246. ICMR દ્વારા દેશના નાગરિકોની ખોરાક વિશેની ટેવો અંગેના અહેવાલ પ્રકાશિત કરવા બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ અભ્યાસ અનુસાર ચરબીનો વપરાશ શાકાહારીઓ એ માંસાહારીઓ કરતાં વધુ કરે છે.

2. ભારતના મહાનગરોમાં વર્ધીત ચરબી (Added fat) ના વપરાશમાં દિલ્હી અને અમદાવાદ યાદીમાં અગ્રતા ક્રમે છે.

3. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે વર્ધીત ચરબી (Added fat) એ 13 થી 30 વર્ષની વયજૂથના લોકો સૌથી વધુ માત્રામાં લે છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

247. તાજેતરમાં ભારતીય કેબીનેટ એ Air Transport સેવાઓમાં .......... FDIs ની પરવાનગીને મંજૂરી આપી છે.

(A) 49%
(B) 51%
(C) 66.6%
(D) ઉપરના પૈકી એક પણ નહિં

248. Banking Regulation (Amendment) Bill 2020, (બેંકીંગ નિયમો (સુધારણા) વિધેયક, 2020) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ વિધેયક એ 1540 સહકારી બેંકોને નિયમિત કરવા માટે છે.

2. આ સુધારણાથી RBI પાસે નિયંત્રણના કાર્યો ઉપરાંતની વધારાની સત્તા આવશે.

3. હાલમાં સહકારી બેંકોએ સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર અને RBI ના નિયંત્રણ હેઠળ છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

249. નીચેના પૈકી કયા બે સ્થળો એ તાજેતરમાં વિશ્વ હેરીટેજ સ્થળોની યાદીમાં કેન્દ્ર સરકાર દ્વારા નામાંકિત કરવામાં આવ્યા છે ?

(A) ધોલાવીરા, દખ્ખણ સલ્તનતના સ્મારકો અને કિલ્લાઓ

(B) ધોલાવીરા અને ભુવાનગીરી

(C) ભુવાનગીરી તથા ટીપુ સુલતાનના સ્મારકો અને કિલ્લાઓ

(D) ટીપુ સુલતાનના સ્મારકો અને કુરૂપ્પમ

250. ભારત સરકારે રાષ્ટ્રીય ચંબલ અભયારણ્યને પર્યાવરણીય સંવેદનશીલ ક્ષેત્ર (Eco-sensitive zone) તરીકે ઘોષિત કર્યો છે. આ અભયારણ્ય એ .......... નું નિવાસ સ્થાન છે.

1. Gangetic Dolphins
2. Gharials
3. Olive Ridleys
4. Long tailed monkeys

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 3 અને 4

251. ભારતીય નાણાકીય વ્યવસ્થામાં (Indian Financial System) અનુદાન બાબતે નીચેના પૈકી કઈ જોડી/જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

(A) પૂરક અનુદાન : જ્યારે જે તે વર્ષ માટે સંસદ દ્વારા કોઈ એક સેવા માટે ફાળવવામાં આવેલ રકમ એ અપૂરતી હોય ત્યારે આ અનુદાન મંજૂર કરવામાં આવે છે.
(B) વધારાનું અનુદાન : ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન જ્યારે કોઈ નવી સેવા માટે વધારાના ખર્ચ બાબતે જરૂરિયાત ઉભી થઈ હોય ત્યારે મંજૂર કરવામાં આવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

252. નીચેના પૈકી કયા આધાર પર ધારાકીય અધિનિયમ અથવા કારોબારીની બંધારણીય માન્યતાએ ઉચ્ચતમ ન્યાયાલય અને વડી અદાલતને પડકારી શકાય છે ?

(A) તે સત્તાધિકારી કે જેણે તેને રચી છે.તેની સત્તાની બહારની બાબત છે.
(B) તે બંધારણીય જોગવાઈઓનો તિરસ્કાર કરતી હોય
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

253. નીચેના પૈકી કયા વિધાનો એ વિધાન પરિષદની સંખ્યા અને રચના બાબતે સાચાં છે ?

1. વિધાન પરિષદના સભ્યોની કુલ સંખ્યા તો રાજ્યની વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ કરતાં વધુ રહેશે નહિં.
2. વિધાન પરિષદના સભ્યોની કુલ સંખ્યા ઓછામાં ઓછી 40ની રહેશે.
3. વિધાન પરિષદના કુલ સભ્યોમાંથી 4/6 (ચાર છ ક્રમાંશ) સભ્યો પરોક્ષ રીતે ચૂંટાયેલા હોય છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

254. કેન્દ્રીય વહીવટી તપાસ પંચ (Central Administrative Tribunal) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. હાલમાં સમગ્ર ભારતમાં તેની 17 કાયમી ખંડપીઠોછે.
2. CAT નું અધિકાર ક્ષેત્ર અખિલ ભારતીય સેવા અને કેન્દ્રીય સેવા સુધી વિસ્તૃત છે.
3. ખાસ પરવાનગી સાથે ઉચ્ચતમ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સંસદના સચિવાલયના કર્મચારીઓ આ અધિકાર ક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ થાય છે.
4. ઉચ્ચતમ ન્યાયાલયના વર્તમાન ન્યાયાધીશની અધ્યક્ષતા હેઠળની ઉચ્ચ સત્તાધિકારી પસંદગી સમિતિની ભલામણોના આધારે CATના સભ્યો નક્કી કરવામાં આવે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2 અને 3

255. ગ્રામ ન્યાયાલયો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. ગ્રામ ન્યાયાલયોની સ્થાપના ગ્રામ ન્યાયાલય અધિનિયમ 2008 અંતર્ગત કરવામાં આવી છે.
2. ન્યાયાલયના પ્રમુખ અધિકારીની નિયુક્તિએ રાજ્ય સરકાર દ્વારા વડી અદાલતના સલાહ સૂચન અનુસાર કરવામાં આવે છે.
3. ગ્રામ ન્યાયાલયો એ ફરતી અદાલત (Mobile Court) છે અને તે ફોજદારી અને દીવાની અદાલત બંને સત્તાનો ઉપયોગ કરી શકે છે.
4. ગ્રામ ન્યાયાલયની બેઠક એ જિલ્લા પંચાયતના મુખ્ય મથક ખાતે સ્થિત હશે.
(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1 અને 3

256. અનુચ્છેદ 371 અંતર્ગત રાજ્યના વિશિષ્ટ વિકાસ બોર્ડ અંતર્ગત નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં નથી ?
(A) આ અનુચ્છેદ હેઠળ વિદર્ભ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલાયદા વિકાસ બોર્ડ છે.
(B) આ બોર્ડના અહેવાલોએ પ્રત્યેક વર્ષે સંસદ સમક્ષ રજૂ કરવામાં આવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

257. PESA અધિનિયમ, 1996 ના હેતુઓ બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?
1. પંચાયત સંબંધી બંધારણની IXમી અનુસૂચિની જોગવાઈઓ એ પાંચમી અનુસૂચિના ક્ષેત્રોને લાગુ પડતી નથી.
2. હાલમાં પંદર રાજ્યો પાંચમી અનુસૂચિના ક્ષેત્રો ધરાવે છે.
3. તમિલનાડુ, કર્ણાટક અને કેરળ રાજ્યો પાંચમી અનુસૂચિના ક્ષેત્રો ધરાવે છે.
(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1

258. જિલ્લા આયોજન સમિતિ બાબતે નીચેના પૈકી કયું વિધાન/કયા વિધાનો સાચું / સાચાં છે ?
(A) જિલ્લા આયોજન સમિતિએ પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજનાઓને એકત્રિત કરે છે.
(B) જિલ્લા આયોજન સમિતિના 4/5 સદસ્યોએ જિલ્લા પંચાયતો અને નગર પાલિકાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા ચૂંટાયેલા હોવા જોઈએ.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

259. સંઘ રાજ્ય ક્ષેત્રો (Union Territories) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશ એ સંઘરાજ્ય ક્ષેત્રો હતા જે બાદમાં પૂર્ણ રાજ્યો તરીકે પરિવર્તિત થયા.
2. 1961 વર્ષમાં ચંદીગઢ એ સંઘરાજ્ય ક્ષેત્ર તરીકે ઘોષિત થયું.
3. મણિપુર અને ત્રિપુરા એ સંઘ રાજ્ય ક્ષેત્રો હતા જે બાદમાં પૂર્ણ રાજ્યો તરીકે પરિવર્તિત થયા.
(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

260. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
1. પછાત વર્ગો માટેનું રાષ્ટ્રીય આયોગ – અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને 3 સભ્યો
2. મહિલાઓ માટેનું રાષ્ટ્રીય આયોગ – અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને 4 સભ્યો
3. અનુસૂચિત જાતિ માટેનું રાષ્ટ્રીય આયોગ – અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને 3 સભ્યો
(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

261. 800 અને 1000 વચ્ચે કેટલા પૂર્ણવર્ગ પૂર્ણાંકો છે ?

(A) 3
(B) 4
(C) 5
(D) ઉપર પૈકી એક પણ નહીં

262. 14 લોકો એક વર્તુળાકાર ટેબલની ફરતે બેઠા છે. તો બે ચોક્કસ વ્યક્તિઓ જોડે જ બેસે તેની સંભાવના કેટલી ?

(A) 1/13
(B) 2/13
(C) 1/7
(D) ઉપર પૈકી એક પણ નહીં

263. એક ટ્રેન 400 મીટર લાંબું બોગદું પસાર કરવા માટે અડધી મિનિટનો સમય લે છે. જો ટ્રેનની લંબાઈ 100 મીટર હોય તો ટ્રેનની ઝડપ કેટલીહશે ?

(A) 55 કિમી/કલાક
(B) 58 કિમી/કલાક
(C) 60 કિમી/કલાક
(D) ઉપર પૈકી એક પણ નહીં

★ નિર્દેશ (264 – 268) : નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તર શોધો.

એક શાળામાં કુલ 1200 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળામાં ધોરણ 6 થી 10 ના 5 વર્ગો છે. શાળામાં છોકરાઓ અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 7 : 5 છે. ધોરણ 8 માં 2/3 વિદ્યાર્થીઓ છોકરાઓ છે. શાળાના કુલ વિદ્યાર્થીઓ પૈકી 20% વિદ્યાર્થીઓ ધોરણ 7 માં છે. ધોરણ 6 માં છોકરીઓની સંખ્યા 80 છે. ધોરણ 8 માં કુલ વિદ્યાર્થીઓ 360 છે. ધોરણ 9 માં છોકરાઓની સંખ્યા તેમાં છોકરીઓની સંખ્યા કરતા 125% જેટલી છે, જ્યારે ધોરણ 9 માં છોકરીઓની સંખ્યા શાળામાં કુલ છોકરીઓની સંખ્યા કરતા 20% જેટલી છે. ધોરણ 10 માં 75 છોકરીઓ છે. ધોરણ 7 માં છોકરાઓ અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 23 : 25 છે.

264. ધોરણ 8 માં છોકરાઓની સંખ્યા અને ધોરણ 7 માં છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર કેટલો છે ?

(A) 48 : 25
(B) 45 : 28
(C) 24 : 35
(D) ઉપર પૈકી એક પણ નહીં

265. જો ધોરણ 6 માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 200 હોય, તો ધોરણ 6, 7 અને 8 ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા શાળાના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના કેટલા ટકા છે ?

(A) 48.55%
(B) 67.85%
(C) 57.76%
(D) ઉપર પૈકી એક પણ નહીં

266. ધોરણ 7, 8 અને 9 ના કુલ છોકરાઓની સંખ્યાની સરેરાશ અને ધોરણ 6,7 અને 8 ની કુલ છોકરીઓની સંખ્યાની સરેરાશનો તફાવત આશરે કેટલો છે ?

(A) 48.25
(B) 51.67
(C) 58.97
(D) ઉપર પૈકી એક પણ નહીં

267. જો ધોરણ 10 માં વિદ્યાર્થીઓની સંખ્યા 100 હોય તો, ધોરણ 8 ની છોકરીઓ અને ધોરણ 6 ની છોકરીઓની સંખ્યાના તફાવત કરતા, ધોરણ 10 ના છોકરાઓ અને ધોરણ 9 ના છોકરાઓની સંખ્યાનો તફાવત કેટલો ઓછો છે ?

(A) 25
(B) 40
(C) 45
(D) ઉપર પૈકી એક પણ નહીં

268. ધોરણ 7, 8 અને 9 માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી છે ?

(A) 925
(B) 746
(C) 825
(D) ઉપર પૈકી એક પણ નહીં

269. 7 ના પ્રથમ 21 ગુણકોની સરેરાશ કેટલી થશે ?

(A) 49
(B) 66
(C) 77
(D) ઉપર પૈકી એક પણ નહીં

270. એક સમઘનની સપાટીનું ક્ષેત્રફળ 1350 ચો મી હોય તો, તેની પ્રત્યેક બાજુની લંબાઈ કેટલી હશે ?

(A) 5 મીટર
(B) 15 મીટર
(C) 27 મીટર
(D) ઉપર પૈકી એક પણ નહીં

271. જો એક વ્યક્તિ 8 કિમી/કલાક ની ઝડપે 24 કિમી ચાલે તો તે 25 મિનિટ મોડો પહોંચે છે. જો તે એટલું જ અંતર 12 કિમી/કલાકની ઝડપે ચાલે તો કેટલો વહેલો પહોંચશે ?

(A) 35 મિનિટ
(B) 45 મિનિટ
(C) 65 મિનિટ
(D) ઉપર પૈકી એક પણ નહીં

272. દૂધ અને પાણીના 3:1 પ્રમાણના 24 લિટરના મિશ્રણમાં 8 લિટર પાણી ઉમેરવામાં આવે છે. તો પરિણામે મળતા મિશ્રણમાં દૂધ અને પાણીનું પ્રમાણ કેટલું થશે ?

(A) 7 : 8
(B) 7 : 9
(C) 9 : 7
(D) ઉપર પૈકી એક પણ નહીં

273. M અને R અનુક્રમે રૂા. 12,000 અને રૂા. 15,000નું રોકાણ કરી એક વ્યવસાય શરૂ કરે છે. Q કેટલુંક રોકાણ કરી તેમની સાથે જોડાય છે. જે સમય માટે તેઓ મૂડીરોકાણ કરે છે તેં અનુક્રમે 5 વર્ષ, 6 વર્ષ અને 8 વર્ષ છે. કુલ નફો રૂા. 28,382 થાય છે જેમાંથી R નો ભાગ રૂ 11,106 છે. તો Q એ વ્યવસાયમાં કેટલી મૂડીનું રોકાણ કર્યું હશે ?

(A) રૂા. 10,000
(B) રૂા. 12,000
(C) રૂા. 15,000
(D) ઉપર પૈકી એક પણ નહીં

274. X એક કામ 24 દિવસમાં અને Y તે જ કામ 36 દિવસમાં કરે છે. જો X ત્રણ દિવસ કામ કરે અને રૂા. 3,600 મેળવે, તથા બાકીનું કામ Y દ્વારા પૂર્ણ કરવામાં આવે તો, Y એ કેટલા રૂપિયા મેળવ્યા હશે ?

(A) રૂા. 22,500
(B) રૂા. 25,200
(C) રૂા. 28,800
(D) ઉપર પૈકી એક પણ નહીં

275. એક સાંકેતિક ભાષામાં શબ્દ 'RADIOCHEMIST' ને 'TBFIQDJFOJUU' તરીકે લખવામાં આવે તો તે જ સાંકેતિક ભાષામાં 'MICROBIOLOGY' કઈ રીતે લખાશે ?

(A) OJDTQCJQQHZ
(B) OKDTQCJQMQHZ
(C) OKDTPDJQMQHA
(D) ઉપર પૈકી એક પણ નહીં

276. ભારત પાસેથી સ્વાતિ રડારની ખરીદી માટે નીચેના પૈકી કયા દેશે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

(A) યુક્રેન
(B) કોંગો
(C) કઝાકીસ્તાન
(D) આર્મેનીયા

277. આર્થિક સર્વેક્ષણ 2020 અનુસાર, ભારતમાં વન અને વૃક્ષોનું આવરણ દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રના ......... પહોંચ્યું છે.

(A) 24.56%
(B) 14.84%
(C) 31%
(D) ઉપરના પૈકી એક પણ નહિં

278. Transparency International ના તાજેતરના સર્વેક્ષણ અનુસાર બજેટની રચનામાં ભારતનું .......... રાજ્ય ટોચના ક્રમે આવેલ છે.

(A) ગુજરાત
(B) આસામ
(C) દિલ્હી
(D) ગોવા

279. ઉચ્ચતમ ન્યાયાલયે ભારત સરકારને આફ્રિકાના દેશોમાંથી .......... પ્રાણી ભારતમાં લાવવા માટેની મંજૂરી આપી.

(A) જીરાફ
(B) આફ્રિકન સિંહ
(C) આફ્રિકન ચિત્તા
(D) ઉપરના પૈકી એક પણ નહિં

280. કેન્દ્ર સરકારના મતે વર્ષ ......... સુધીમાં ભારતીય રેલ્વેનું 100% વીજળીકરણ થઈ ગયું હશે.

(A) 2022
(B) 2024
(C) 2025
(D) 2026

281. તાજેતરમાં ભારત સરકારે National Democratic Front of Bodoland (NDFB) ના નવ જૂથ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે ક્ષેત્રમાં કામકાજ કરવા માટે બહારની વ્યક્તિઓએ 'મંજૂરી' લેવી પડશે.

2. આ કરાર એ આસામમાં રહેતા Bodo આદિવાસીઓને રાજકીય હકો પૂરા પાડશે.

3. હસ્તાક્ષર થયેલી આ સમજૂતી એ છેલ્લા 27 વર્ષમાં હસ્તાક્ષર થયા હોવા તેવા ત્રીજા કરાર છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

282. ખનીજ કાયદા (સુધારણા) વિધેયક, 2020 બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ વિધેયક દ્વારા કોલસા ક્ષેત્ર સંપૂર્ણ પણે વાણિજ્યિક ખાણ કામ કરવા માટે ખુલ્લુ મુકાયું.

2. તે કોલસા ખાણની હરાજીમાં અંતિમ વપરાશના નિયંત્રણોને દૂર કરવાનો ઈરાદો ધરાવે છે.

3. હાલમાં ભારતીય ક્ષેત્રમાં 100%FDI મંજૂર કરવામાં આવે છે.

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

283. ભારતનું .......... શહેર એ 2021 માં Science and Technology for Sustainable Development with Women Empowerment ના ધ્યેય સાથે 108મી ઈન્ડીયન સાયન્સ કોંગ્રેસના યજમાન બનવાનું છે.

(A) ગાંધીનગર (B) પૂના

(C) ભોપાલ (D) જયપુર

284. વિશ્વના હોકી ટીમના રેંકીંગમાં ભારતીય હોકી ટીમે સૌપ્રથમ વખત .......... સ્થાન પ્રાપ્ત કર્યું.

(A) બીજુ (B) ત્રીજું

(C) ચોથું (D) પાંચમું

285. વિખ્યાત Nagoba Jatara ઉત્સવ એ તાજેતરમાં .......... રાજ્યમાં ઉજવવામાં આવ્યો.

(A) તેલંગાણા (B) આંધ્ર પ્રદેશ (C) મિઝોરમ (D) આસામ

286. જો પૃથ્વી અચાનક ઘૂમતી બંધ થઈ જાય તો શું થાય ?

1. વાતાવરણ તત્ક્ષણ સંપૂર્ણપણે સ્થગિત થઈ જાય.

2. પૃથ્વીના મથાળે રહેલા પદાર્થો અત્યંત વેગથી દૂર ફેંકાઈ જાય.

3. પૃથ્વીના દરેક સ્થળ માટે આખા વર્ષ પૂરતો કાયમી રાત્રિ કે દિવસનો ચોક્કસ સમય બની જાય.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 (D) ઉપર પૈકી કોઈ નહિં

287. ભારતએ 82 ડિગ્રી અને 30 મિનિટને પ્રમાણ રેખાંશ (સ્ટાન્ડર્ડ મેરિડિયન) તરીકે પસંદ કર્યો છે કારણ કે ..............

(A) તે 7 ડિગ્રી અને 30 મિનિટના ગુણાંકમાં છે.

(B) તે ભારતના રાજ્યક્ષેત્રના મધ્યમાંથી પસાર થાય છે. તેથી અન્ય નજીકના પ્રદેશોનો ચોક્કસ સમય દર્શાવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

288. ભારતીય પ્લેટ .......... સુધી વિસ્તારિત છે.

(A) મ્યાંમારના રખાઈન પર્વત (B) પાકિસ્તાનના કિરતાર પર્વત

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

289. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો ખડકો માટે સાચું / સાચાં છે ?

1. અગ્નિકૃત ખડકોને પ્રાથમિક ખડકો પણ કહેવાય છે.

2. અગ્નિકૃત અને જળકૃત ખડકો અત્યંત ગરમી અને દબાણને કારણે વિકૃત ખડકોમાં પરિવર્તન પામે છે.

3. રેતાળ ખડકો એ વિકૃત ખડક છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 3

290. સામાન્યતઃ વરસાદ વધે જો આપણે .......... તરફ જઈએ.

(A) નીચાણથી ઉંચાઈ (B) સમુદ્ર વિસ્તારથી આંતરિક વિસ્તાર

(C) ધ્રુવથી વિષુવૃત્ત (D) ઉપર પૈકીનું કોઈ પણ નહિં.

291. જૈવ વૈવિધ્ય .......... માં સર્વોચ્ચ હોવાની શક્યતા છે.

(A) પાનખર જંગલો

(B) પહાડી ઘાસિયા મેદાનો

(C) શંકુદ્રમ જંગલો

(D) વિષુવૃત્તીય બારમાસી લીલા જંગલો

292. સિંધુ ગંગા મેદાનોની મોટાભાગની નદીઓ .......... બનેલી છે.

(A) રેડિયલ ડ્રેનેજ સિસ્ટમ

(B) ડેન્ડ્રિટીક ડ્રેનેજ સિસ્ટમ

(C) ટ્રેલિસ ડ્રેનેજ સિસ્ટમ

(D) સુપર ઈમ્પોઝડ ડ્રેનેજ સિસ્ટમ

293. નીચેના પૈકી કઈ નદી રિફ્ટ વેલી (ફાટ ખીણ)માંથી વહેતી નથી ?

(A) મહા નદી

(B) નર્મદા

(C) તાપી

(D) દામોદર

294. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. માત્ર નર્મદા અને તાપી એ લાંબી નદીઓ છે જે પશ્ચિમમાં વહે છે અને નદીમુખ બનાવે છે.

2. પશ્ચિમ ઘાટ એ ભારતીય દ્વિપકલ્પનો મુખ્ય જળવિભાજક છે.

3. નર્મદા એ ફોલ્ટને કારણે નિર્માણ થયેલ ફાટખીણમાંથી વહે છે.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

295. નીચેના પૈકી કયા શહેરોમાં નૈઋત્વનું ચોમાસું આવે છે ?

(A) નાગપુર

(B) અમદાવાદ

(C) ભુવનેશ્વર

(D) ઉપરના પૈકી એક પણ નહીં

296. નીચેના પૈકી કયા વિધાનો ભારતની ભૂગોળના સંદર્ભમાં સાચાં છે ?

1. ભારતનો અક્ષાંશીય અને રેખાંશીય વ્યાપ અંદાજે 30° છે.

2. ભારતના રાજ્ય ક્ષેત્રની સીમાં સમુદ્ર તરફ 35 નોટિકલ માઈલ વધુ વિસ્તારિત થાય છે.

3. ઉત્તરના અંતિમથી દક્ષિણના અંતિમ સુધીનું ખરૂં અંતર આશરે 3214 કિમી થાય છે.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

297. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો આંતરરાષ્ટ્રીય સીમા બાબતે સાચું / સાચાં છે ?

1. સંયુક્ત જમ્મુ અને કાશ્મિર રાજ્યને સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સીમા પાકિસ્તાન, POK તથા ચીન સાથે છે.

2. અરૂણાચલ પ્રદેશને સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સીમા ભૂટાન, ચીન અને મ્યાંમાર સાથે છે.

3. પશ્ચિમ બંગાળને ત્રીજા નંબરની સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સીમા બાંગ્લાદેશ અને મ્યાંમાર સાથે છે.

4. રાજસ્થાન પછી ગુજરાત એ પાંચમી સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સીમા ધરાવે છે.

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1

(D) ફક્ત 4

298. નીચેના પૈકી કયા જોડકાઓ યોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

| પર્વતો | શિખરો |
|---|---|
| 1. અરવલ્લી ગિરીમાળા | ગુરૂ શિખર |
| 2. સાતપૂડા ગિરીમાળા | ધૂપગઢ |
| 3. પૂર્વ ઘાટ | કળશુબાઈ |
| 4. મૈકલ ગિરીમાળા | અમર કંટક પર્વત |

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 1, 2 અને 3

299. નીચેના પૈકી કયા વિધાનો પશ્ચિમી કિનારાના મેદાનો માટે સાચાં છે ?

1. આ મેદાનો કચ્છના રણથી કન્યાકુમારી સુધી વિસ્તરેલા છે.
2. તે ત્રણ પેટા ભાગમાં વિભાજિત થાય છે. કાઠિયાવાડ કિનારાના, કોંકણ કિનારાના તથા મલબાર કાંઠાના
3. કાઠિયાવાડ કિનારો કચ્છના રણથી દક્ષિણમાં દીવ સુધી વિસ્તરેલ છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3

300. નીચેના પૈકી કયા પ્રયાગો યોગ્ય રીતે જોડવામાં આવ્યા છે ?

1. વિષ્ણુપ્રયાગ – ધૌળીગંગા અને અલકનંદા
2. નંદપ્રયાગ – નંદાકિની અને અલકનંદા
3. રૂદ્રપ્રયાગ – મંદાકિની અને અલકનંદા
4. દેવપ્રયાગ – ભાગીરથી અને અલકનંદા

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 3